MANOGAT • Year-39 • Issue-23 • 10 March 2021 • Maha Vad 12, Samva 2077 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 28



ગુજરાત બજેટ વિશેષાંક

# મનોગત



# ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઈ જનારું બજેટ

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપના અભૂતપૂર્વ અને ઐતિહાસિક વિજયનો શ્રી કમલમ્ ખાતે યોજાયેલ વિજયોત્સવની તસવીરો




















Year : 39, Issue : 23, Pages : 28

## તંત્રીસ્થાનેથી

## સોંપાયેલી જવાબદારીને પ્રામાણિકતા અને પુરુષાર્થ સાથે વિનમ્રતાપૂર્વક સૌને સાથે લઈને નિભાવવા કટિબદ્ધ બનીએ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

સૌ પ્રથમ તો - મહાનગરપાલિકા અને હવે જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓમાં ભવ્ય ઐતિહાસિક અને અભૂતપૂર્વ વિજય મેળવવા બદલ સૌને હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન.

કેન્દ્ર બાદ તાજેતરમાં આપણી ભાજપ સરકારે શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત વિધાનસભામાં વર્ષ ૨૦૨૧-૨૨ માટે બજેટ રજૂ કર્યું છે. જેની વિગતવાર અને મુદ્દાવાર માહિતી સવિશેષ પ્રમાણમાં આ અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે. ઉત્તમથી સર્વોત્તમ ગુજરાતના નિર્માણ માટે સર્વગ્રાહી વિકાસના આ બજેટની તલસ્પર્શી માહિતીઓનો આપણે સૌ પણ અભ્યાસ કરીએ. આપણા વિસ્તારને, મતદાતાઓના જુદા જુદા સમૂહોને, નાગરિકોના અલગ અલગ વયજૂથને લગતી માહિતીઓ તેમના સુધી પહોંચાડવાના માધ્યમ બની આપણું કાર્યકર્તા તરીકેનું સાચું 'કર્મ' સુપેરે નિભાવીએ.

સાથે સાથે મારે એ વાત પણ કરવી છે કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મેયર, ડે. મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, નેતા, દંડક, કમિટી અધ્યક્ષો અને એવી જ રીતે પ્રમુખ, ઉપપ્રમુખ, કમિટી ચેરમેનો વગેરેની ચયન પ્રક્રિયા આ અંક આપ સૌના હાથમાં આવ્યો હશે ત્યાં સુધીમાં પૂર્ણ થઈ ગઈ હશે. આ તબક્કે આપણે સૌએ એ વિચાર મજબૂત રીતે સમજવાનો છે કે - ભારતીય જનતા પક્ષ દ્વારા સોંપાયેલું કોઈ પણ પદ - એ 'જવાબદારી' છે. વળી આ 'જવાબદારી' જેને સોંપવામાં આવે છે તે કાર્યકર્તા પોતે પણ સરખા એવા સૌ કાર્યકર્તામાં પ્રથમ માત્ર છે (First among Equal).

આવો, આ વિચારને ખરા અર્થમાં પચાવીને સોંપાયેલી કોઈપણ જવાબદારીને પ્રામાણિકતા અને પુરુષાર્થ સાથે વિનમ્રતાપૂર્વક સૌને સાથે લઈને નિભાવવા કટિબદ્ધ બનીએ.


વંદે માતરમ્.


- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

**તંત્રી મુદ્રક પ્રકાશક :**
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# ભાજપા પ્રત્યેની અવિરત શ્રદ્ધા અને સ્નેહ માટે ગુજરાતની જનતાને નમન - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતભરની નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીનાં પરિણામો બાબતે જણાવ્યું હતું કે, આ પરિણામો એ સંદેશ આપે છે કે, ગુજરાતની જનતા ભાજપાના વિકાસ અને સુશાસનના એજન્ડાનું દૃઢતાપૂર્વક સમર્થન કરે છે. ભાજપા પ્રત્યેની અવિરત શ્રદ્ધા અને સ્નેહ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની જનતાને નમન કર્યાં છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી વધુમાં જણાવે છે કે, મહાનગરપાલિકાનાં પરિણામો અને ગ્રામ સ્વરાજ્યનાં પરિણામોમાં શહેરી અને ગ્રામીણ ગુજરાતે સર્વાનુમતે સંદેશ આપ્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત સરકારના લોકાભિમુખ વહીવટની પ્રશંસા કરી અને ગુજરાતના ભાજપાના કાર્યકર્તાઓના ભગીરથ પ્રયત્નોની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, ભાજપા હરહંમેશ ગુજરાતના વિકાસ અને પ્રત્યેક ગુજરાતીઓના સશક્તીકરણ માટે કાર્યરત રહેશે.

## સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીઓમાં જનતાએ વિકાસવાદને અપનાવ્યો છે - શ્રી વિજયભાઈ રૂપાણી

ચૂંટણીનાં પરિણામ સંદર્ભે ગુજરાત રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીમાં વિકાસનો મુદ્દો ભાજપાનો એજન્ડા હતો. કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકાર અને રાજ્યની ભાજપા સરકારે ગુજરાતની જન જન સુધી પ્રજાલક્ષી કાર્યો હાથ ધર્યાં છે. ભાજપાના દરેક કાર્યકરે ગ્રામ્ય કક્ષા સુધી ફરી જનકલ્યાણકારી યોજનાઓ પહોંચાડી તેના લાભો જનતાને અપાવ્યા છે ત્યારે સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીઓમાં જનતાએ વિકાસવાદને અપનાવ્યો છે અને પરિવારવાદને જાકારો આપ્યો છે. ગુજરાતની જનતાએ કોંગ્રેસને વિપક્ષ તરીકે પણ નકારી છે, ત્યારે જનતાએ આપેલ તેમના આશીર્વાદ એળે નહીં જાય તેની ખાત્રી શ્રી રૂપાણીએ આપી હતી. આ ગુજરાત એ ગાંધીજીનું ગુજરાત છે, નરેન્દ્રભાઈ મોદીનું ગુજરાત છે. આ ગુજરાતમાં જ્યાં સુધી ભાજપા સત્તા ઉપર છે, ત્યાં સુધી દરેક નાગરિકોને જનસુખાકારીનો અહેસાસ કરાવાશે તેની પણ ખાત્રી આપી હતી અને ગુજરાતના સૌ નાગરિકોનો ભાજપાને આશીર્વાદ આપવા બદલ આભાર માન્યો હતો.







## આ વિજય ગરીબો, ખેડૂતો અને ગામડાના વિકાસ અને કલ્યાણ માટે સમર્પિત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત ભાજપા સરકારોમાં જનતાના અતૂટ વિશ્વાસની જીત છે - શ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પરિણામોના અનુસંધાને ગુજરાતની જનતા જનાર્દનને નમન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગ્રામ્ય વિસ્તારના લોકો અને ખેડૂતોએ ભાજપાને વિજયી બનાવીને સરકારની કલ્યાણકારી નીતિઓ પર વિશ્વાસની મહોર લગાવી છે. ભાજપાએ જ્યારથી સત્તાનાં સુકાન સંભાળ્યાં છે, ત્યારથી સેવાકીય કાર્યો સતત કરતી આવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો આ વિજય સાચા અર્થમાં જનતાનો વિજય છે. આ ભવ્ય વિજય બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ અને સંગઠનના તમામ કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યાં હતાં.


શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, આ વિજય ગરીબો, ખેડૂતો અને ગામડાના વિકાસ અને કલ્યાણ માટે સમર્પિત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત ભાજપા સરકારોમાં જનતાના અતૂટ વિશ્વાસની જીત છે. મોદીજીના નેતૃત્વ હેઠળ ભાજપાની સરકારો દેશના ગરીબો, ખેડૂતો અને વંચિત સમાજના કલ્યાણ અને વિકાસ માટે સતત કટિબદ્ધ છે.




## ગુજરાતની જનતાએ તેમના આશીર્વાદ ભાજપાને આપ્યા છે - શ્રી સી. આર. પાટીલ

પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પરિણામો સંદર્ભે જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ તા. ૨૩-૦૨-૨૧ના રોજ છ મહાનગરપાલિકાઓમાં કોંગ્રેસનાં સૂપડાં સાફ કરી દીધાં હતાં તેવી જ રીતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં અત્યાર સુધીનાં પરિણામોમાં પણ કોંગ્રેસને નેસ્તનાબૂદ કરી ભાજપા જંગી લીડ સાથે જીતવાની છે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવતાં કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકારે અને રાજ્યની ભાજપા સરકારે જે રીતે કામ કરી જનકલ્યાણકારી કાર્યો કર્યાં છે, ભાજપાના દરેક કાર્યકરે મંડલ કક્ષા સુધી જનકલ્યાણકારી યોજનાઓ પહોંચાડી તેના લાભો અપાવ્યા છે ત્યારે તેમની મહેનત રંગ લાવી રહી છે. ગુજરાતની જનતાએ તેમના આશીર્વાદ ભાજપાને આપ્યા છે, ત્યારે સરકાર અને સંગઠન એકસૂત્રતા જાળવી સર્વજન સુખાયનો મંત્ર અપનાવી આવનારી ૨૦૨૨માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં પણ આ જ રીતે ગુજરાતની જનતા તેમના આશીર્વાદ ભાજપાને આપશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

- **૬૧ વર્ષમાં પહેલીવાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ૯૦ ટકા બેઠકો ઉપર જનતાનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો.**
- **છમાંથી છ મહાનગરપાલિકાઓ, ૮૧માંથી ૭૫ નગરપાલિકાઓ, તમામ ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૧માંથી ૧૯૬ તાલુકા પંચાયતોમાં જનતાએ ભાજપામાં વિશ્વાસ વ્યક્ત કર્યો.**
- **ગુજરાતમાં ૧૦૦ ટકા સાંસદો, ૧૦૦ ટકા જિલ્લા પંચાયતો, ૧૦૦ ટકા મહાનગર પાલિકાઓ, ૯૩ ટકા નગરપાલિકાઓ, ૮૬ ટકા તાલુકા પંચાયતો અને ૬૧ ટકા ધારાસભ્યો ભારતીય જનતા પાર્ટીના.**
- **ગુજરાતમાં ૧૮૨ વિધાનસભા મતવિસ્તારો પૈકી ૧૬૪ મતવિસ્તારોના લોકોએ ભાજપમાં તેમનો દૃઢ વિશ્વાસ વ્યક્ત કર્યો.**
- **પંચાયતોની ચૂંટણીમાં વર્ષ ૨૦૨૧માં ૯૮૦ બેઠકો પૈકી ૮૦૦ બેઠકો (૮૨ ટકા બેઠક) ઉપર ભાજપાને જનતાએ તેમના સ્નેહ અને આશીર્વાદ આપ્યા છે.**
- **તાલુકા પંચાયતોમાં ૨૦૨૧માં ૪૭૭૪ બેઠકોમાંથી ૩૩૫૧ બેઠકો પર મળી છે.**
- **નગરપાલિકામાં ૨૦૨૧માં ભાજપાને ૨૭૨૦ બેઠકમાંથી ૨૦૮૫ બેઠકો મળી.**
- **કોર્પોરેશનમાં વર્ષ ૨૦૨૧માં ભાજપાને ૮૪ ટકા બેઠક મળી છે.**







# ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવનારું-સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ સાથે સર્વવ્યાપી વિકાસનું આ બજેટ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલે પ્રસ્તુત કરેલા રૂપિયા ૨ લાખ ૨૭ હજાર કરોડના વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના બજેટને સર્વાંગી વિકાસ અને સર્વવ્યાપી વિકાસનું બજેટ ગણાવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ આ બજેટ અંગે પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું કે, આ બજેટમાં ગરીબો, ખેડૂત, યુવાન, મહિલા, આદિવાસી, પીડિત-શોષિત લોકોના ઉત્થાન, શિક્ષણ, આરોગ્ય, કૃષિ, સિંચાઈ તેમજ ગુજરાતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગો, ક્લાયમેટ ચેન્જ જેવાં તમામ ક્ષેત્રોને આવરી લઈને સર્વાંગી વિકાસ એટલે કે ગુજરાતની વિકાસયાત્રાને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઈ જનારું આ બજેટ છે. તેમણે જણાવ્યું કે, આદિવાસીઓને પણ મૂળ ધારામાં વિકાસના ફળનો અનુભવ થાય અને ભવિષ્યના પડકારો પણ ઝીલતા થાય તેનું પણ આ બજેટમાં ધ્યાન રાખવામાં આવ્યું છે. વનબંધુઓના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજનામાં આવનારાં પાંચ વર્ષ માટે ૧ લાખ કરોડ વનબંધુ કલ્યાણ યોજના-૨માં ફાળવવામાં આવ્યા છે.

અંબાજીથી ઉમરગામના સમગ્ર જિલ્લા અને તાલુકાના આદિજાતિ પટ્ટાના ૯૦ લાખ વનબાંધવોને આનો લાભ મળવાનો છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, ૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયાકિનારા વિસ્તારમાં વસતા સાગરખેડુ માટે આ વર્ષે ૫૦ હજાર કરોડની વધુ રકમ સાથે સાગરખેડુ કલ્યાણ યોજના-૨ અમે લાવ્યા છીએ.

એટલું જ નહીં, આ સરકારે સામાજિક ઉત્થાન માટે એટલે કે દિવ્યાંગથી લઈને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન-જાતિ, ઓ.બી.સી આ તમામ વર્ગોના યુવાનોથી લઈને વૃદ્ધ પેન્શન સુધી તેમજ વિધવા પેન્શનથી માંડીને કુંવરબાઈનું મામેરું જેવી અનેક યોજના દ્વારા સામાજિક કલ્યાણ માટે આ બજેટમાં રૂપિયા ફાળવ્યા છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, શિક્ષણ વિકાસનો પાયો છે ત્યારે આ સરકારે રાજ્યના બાળકો, યુવા વિદ્યાર્થીઓને સમયની માંગ અનુરૂપ અદ્યતન શિક્ષણ આપવા સૌથી વધુ એટલે કે ૩૨ હજાર કરોડ રૂપિયા શિક્ષણ વિભાગ માટે ફાળવ્યા છે. ગુજરાતના ભવિષ્યની પેઢી શિક્ષિત બનીને દુનિયાના પડકારોને ઝીલતી થાય એટલા માટે અદ્યતન શાળાઓ, કમ્પ્યુટરની વ્યવસ્થા એટલે કે આંગણવાડીથી લઈને પીએચ.ડી કરનારા યુવાન સુધીના શિક્ષણ માટે ગુજરાત એક એજ્યુકેશનલ હબ બને એ દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ.

તેમણે જણાવ્યું કે, આપણી યુનિવર્સિટીઓ સક્ષમ હોય, શાળાઓ પણ સક્ષમ હોય અને શાળામાં અભ્યાસ કરતો બાળક એ વધુ તેજસ્વી બનીને ભવિષ્યના પડકારો ઝીલતો થાય તેની વ્યવસ્થા આ સરકારે કરી છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, ગુજરાત બેકારીમુક્ત બને એ દિશામાં આ વખતના બજેટમાં ભાર મૂકવામાં આવ્યો છે. આવનારાં પાંચ વર્ષમાં સરકારી તેમજ અર્ધ સરકારી નોકરીઓમાં બે લાખ યુવાનોને નોકરી આપવામાં આવશે. એટલું જ નહીં, પાંચ વર્ષમાં ૨૦ લાખ યુવાનોને પ્રાઈવેટ સેક્ટર, સર્વિસ સેક્ટર, એગ્રિકલ્ચર સેક્ટર, મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં પણ રોજગારી આપવામાં આવશે.

તેમણે જણાવ્યું કે, આ વખતના બજેટમાં લેન્ડ ઓફ ઓપોર્ચ્યુનિટી એવા ગુજરાતમાં રાજ્યના યુવાનોને તો નોકરી મળે પણ બહારના પરપ્રાંતીયોને પણ રોજી-રોટી અને ધંધો-રોજગાર મળે તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે

કોરોનાના સંક્રમણકાળમાં અંદાજિત ૨૫ લાખ મજૂરો તેમજ પરપ્રાંતીયોને આપણે ૧૨૦૦ ટ્રેન તેમજ ૫૨૦૦ બસો થકી તેમના વતન મોકલ્યા હતા. આ વાત જ સાબિતી આપે છે કે ગુજરાત ગુજરાતીઓની



સાથો-સાથ પરપ્રાંતિયોને પણ રોજી-રોટી આપવા માટે સક્ષમ છે. કોરોના બાદ વિશ્વભરના ઉદ્યોગકારો બેસ્ટ ડેસ્ટિનેશનની ખોજ કરી રહ્યા છે ત્યારે ગુજરાતની નવી ઔદ્યોગિક પૉલિસી, સોલાર પૉલિસી અને ટૂરિઝમ પૉલિસી આવનારા દિવસોમાં વિદેશી રોકાણકારો માટે ખૂબ અગત્યની સાબિત થવાની છે તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, ગુજરાત પાણીદાર બન્યું છે, તેમજ પાણીનું સંકટ હવે ભૂતકાળ બન્યું છે. આવનારા વર્ષોમાં રાજ્યનો કોઈપણ તાલુકો પીવાના પાણીના સોર્સ વિનાનો ન રહે અને મજબૂત સોર્સના દૃષ્ટિવંત આયોજન સાથે પાણી પુરવઠા માટે પણ આ બજેટમાં વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. એટલું જ નહીં દૂરદરાજ સુધી ૧૦૦ ટકા ઘરોમાં નળથી જળ આપવાની પણ ચિંતા આ બજેટમાં કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ બજેટમાં લઘુ ઉદ્યોગો, નવી જી.આઈ.ડી.સી, ટેક્ષટાઈલ એન્ડ ફાર્મા પાર્ક્સ, ટોયઝ પાર્ક જેવા નવા વિચારોને લઈને ઉદ્યોગોને વધુ પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, આ બજેટમાં ખેડૂતો માટે કૃષિ-ખેડૂત કલ્યાણ માટે ૭૨૩૨ કરોડ તેમજ સાત પગલાં કૃષિ કલ્યાણની યોજના અને બિયારણ માટે પણ ફાળવણી કરવામાં આવી છે. છેલ્લા અઢી દાયકામાં ખેડૂતોના વીજળી દરમાં એક પણ પૈસાનો વધારો નથી કર્યો. આ બજેટમાં સરકારે ખેડૂતોની વધારે ચિંતા કરીને ખેડૂતોની વીજળીની સબસિડી માટે પણ જોગવાઈ કરવામાં આવી છે.

આ બજેટમાં વાવેતરથી લઈને વેચાણ સુધીની ચિંતા કરવામાં આવી છે. એટલું જ નહીં, નવાં કૃષિ વીજજોડાણો આપવા માટે રૂ. ૪૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે 'દિવસે કામ રાત્રે વિશ્રામ'ના સૂત્રને સાર્થક કરતા ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડતી કિસાન સૂર્યોદય યોજના માટે પણ વિશેષ પૈસા ફાળવીને ખેડૂતોની ચિંતા આ બજેટમાં કરી છે. બાગાયત ખેતી તેમજ ઔષધિ ખેતીમાં પણ ગુજરાત આગળ વધે તે માટે બજેટમાં નવી જોગવાઈ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, ગાંધીજી અને સરદારના આ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા માટે સાડા સાત હજાર કરોડ રૂપિયા પોલીસ, અદ્યતન સાધનો, સી.સી.ટી.વી. કેમેરા, સાઈબર ક્રાઈમ સામેની વ્યવસ્થા, એન્ટી કરપ્શન બ્યૂરો મજબૂત કરવા માટે પણ પૂરતા પૈસા ફાળવીને આ સરકાર કામ કરી રહી છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના આ બજેટને ઉત્તમથી સર્વોત્તમ ગુજરાતના નિર્માણ માટેનું પાયાનું બજેટ તેમજ સર્વગ્રાહી વિકાસનું અને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટની દિશા આપનારું બજેટ ગણાવ્યું હતું.




## ગુજરાત રાજ્યના ઈતિહાસમાં સૌથી વધુ રકમનું બજેટ ફાળવવા માટે અભિનંદન પાઠવતા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જાહેર થયેલ ગુજરાત રાજ્યના ઈતિહાસમાં સૌથી વધુ રકમનું બજેટ ફાળવવા માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યાં હતાં. આ પ્રસંગે શ્રી પાટીલે જણાવ્યું કે, આ વખતનું ગુજરાતનું ઐતિહાસિક બજેટ એ લગભગ ૨.૨૭ લાખ કરોડનું બજેટ ગુજરાતનાં સૌ ભાઈ-બહેનો માટે અત્યંત ઉપયોગી સાબિત થશે.

શ્રી સી.આર. પાટીલે બજેટની વિવિધ જોગવાઈઓ પર પ્રકાશ નાખતાં જણાવ્યું કે, પ્રજા માટે આવશ્યક કાર્યો જેવાં કે, શિક્ષણ, આરોગ્ય, રોડ-રસ્તા અને ગુજરાતના કરોડો ખેડૂત ભાઈઓ માટે વધુમાં વધુ નાણાં આ બજેટમાં ફાળવવામાં આવ્યાં છે. ગયા વર્ષે કોરોનાકાળના કારણે સરકારની આવક ઘટી હતી છતાં પણ વિકાસનું એક પણ કામ અટકાવાયું નથી તે બદલ ગુજરાતની રાજ્ય સરકારને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યાં હતાં.

તેમણે જણાવ્યું કે, કોઈપણ નવા વેરા વગર વધુ સગવડોની જોગવાઈઓ કરીને ગુજરાતની જનતાને રાહત આપવામાં આવી છે. કોરોનાકાળમાં કાપ મુકાયેલ ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટ કે જેનો ઉપયોગ વિસ્તારના નાગરિકોના હિત માટે થતો હોય તે ગ્રાન્ટને આ બજેટમાં ફરી શરૂ કરવામાં આવી છે. આ સુંદર સગવડભર્યા બજેટ માટે શ્રી પાટીલે સમગ્ર ગુજરાતની રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યાં હતાં.

## કૃષિ, ખેડૂત કલ્યાણ

### કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂ. ૭૨૩૨ કરોડની જોગવાઈ

વાવણીથી કાપણી સુધીના તબક્કા હોય કે પછી ખેતપેદાશો બજાર સુધી પહોંચાડવાની વાત હોય, ગુજરાત સરકાર હંમેશા ખેડૂતોની પડખે ઊભી રહી છે. રાજ્યના ખેડૂતોને વધુ સક્ષમ, સંસાધનસભર અને સફળ બનાવવા અમારી સરકાર સદાય પ્રયત્નશીલ છે.

- રાજ્યના ૪ લાખ ખેડૂતોને બિયારણ અને અનાજ સંગ્રહ માટે એક ડ્રમ અને પ્લાસ્ટિકના બે ટોકર(ટબ) વિના મૂલ્ય આપવાની યોજના માટે રૂ. ૮૭ કરોડની જોગવાઈ.
- ફૂડ પ્રોસેસિંગ માટે એકમ દીઠ રૂ. ૧૦ લાખની સહાય માટે કેન્દ્ર સરકારની યોજના અંતર્ગત રૂ. ૮૨ કરોડની જોગવાઈ.
- બીજ ઉત્પાદક ખેડૂતોને ઉત્તેજન આપવા ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ફાઉન્ડેશન તેમજ સર્ટિફાઈડ બીજ ઉત્પાદન માટે સહાય આપવા રૂ. ૫૫ કરોડની જોગવાઈ.
- એગ્રિ અને ફૂડ પ્રોસેસિંગ ક્લસ્ટરના વિકાસ માટેની યોજના થકી પ્રભાવશાળી બેકવર્ડ અને ફોરવર્ડ લીકેજીસની જરૂરિયાતો પૂર્ણ કરવા રૂ. ૫૦ કરોડની જોગવાઈ.
- ડાંગ જિલ્લાને સંપૂર્ણ રસાયણમુક્ત ખેતી કરતો જિલ્લો બનાવવાના ઉદ્દેશથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે પ્રથમ વર્ષે રૂ. ૧૦ હજાર તથા બીજા વર્ષે રૂ. ૬ હજાર નાણાકીય સહાયની યોજના માટે રૂ. ૩૨ કરોડની જોગવાઈ.
- ઓર્ગેનિક તેમજ પ્રાકૃતિક ખેતી આધારિત ફળો અને શાકભાજીના ઉત્પાદનોનું સીધું વેચાણ રાજ્યના ખેડૂતો દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના શહેરી વિસ્તારમાં કરવા માટેની ઓર્ગેનિક એગ્રિકલ્ચર માર્કેટ યોજના માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ.
- ખેડૂતોને હવામાન આધારિત માર્ગદર્શન સમયસર મળે તે હેતુથી ૧૮૦૦ ઓટોમેટિક વેધર સ્ટેશનની સ્થાપના માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ.
- રોગ-જીવાતના સમયસર સર્વે થકી ઉપદ્રવની જાણકારી મેળવી તેના અસરકારક નિયંત્રણ માટે પ્રાયોગિક ધોરણે રાજ્યના ૧૦ જિલ્લામાં મોબાઈલ ક્રોપ ક્લિનિક માટે રૂ. ૨ કરોડની જોગવાઈ.

### બાગાયત ખાતાની યોજનાઓ માટે રૂ. ૪૪૨ કરોડની જોગવાઈ.

- બિનઉપજાઉ સરકારી પડતર જમીનને બાગાયતી અને ઔષધીય પાકોની ખેતી માટે ઉપયોગમાં લઈ શકાય તે હેતુથી રાજ્ય સરકારે મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશનની જાહેરાત કરેલ છે. આ યોજનામાં પ્રથમ તબક્કે કચ્છ, સુરેન્દ્રનગર, પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાની ૫૦ હજાર એકર ખરાબાની બિનઉપજાઉ જમીન આધુનિક ટેક્નોલોજીથી ઉપજાઉ બનાવવા માટે અને તે દ્વારા મોટી સંખ્યામાં નવી રોજગારીનું નિર્માણ કરવા માટે પ્રગતિશીલ ખેડૂતો, સક્ષમ વ્યક્તિઓ, સંસ્થાઓ, કંપનીઓ અથવા ભાગીદારી પેઢીને ભાડાપટ્ટે આપવામાં આવશે. જેના થકી બે લાખ મેટ્રિક ટન બાગાયતી પાકોનું ઉત્પાદન અને પ્રોસેસિંગની તકો ઊભી થશે. આ યોજના માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ.
- નર્સરીઓ અને સેન્ટર ઓફ એક્સેલેન્સના સુદૃઢીકરણ તેમજ અર્બન હોર્ટિકલ્ચર ડેવલોપમેન્ટ કેન્દ્રોમાં તાલીમ આપવા માટે રૂ. ૨ કરોડની જોગવાઈ.

### પશુપાલન

- ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારી માટે દુધાળાં પશુઓના ડેરી ફાર્મની સ્થાપના, બકરાં એકમની સ્થાપના માટે રૂ. ૮૧ કરોડની જોગવાઈ.
- ૧૦ ગામદીઠ ૧ ફરતાં પશુ-દવાખાનાની સેવાઓ માટે રૂ. ૪૩ કરોડની જોગવાઈ.
- ગૌશાળાઓ કે પાંજરાપોળો માટે ગૌચર સુધારણા જેવી વિવિધ યોજનાઓની કામગીરી કરવા ગૌ-સેવા અને ગૌચર વિકાસ બોર્ડ માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં પશુઓ માટે દાણ ખરીદીની સહાય માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ.
- કરુણા એનિમલ એમ્બુલન્સ-૧૯૬૨ હેલ્પ લાઇનની સેવાઓ માટે રૂ. ૭ કરોડની જોગવાઈ.
- દુધાળાં ગીર-કાંકરેજ ગાયોના પશુના ફાર્મની સ્થાપના અને દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ દ્વારા સ્વરોજગારી ઊભી કરવાની યોજના માટે રૂ. ૩ કરોડની જોગવાઈ.



## કૃષિ સંશોધન અને શિક્ષણ-રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ

- રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ હસ્તક કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા માટે રૂ. ૬૯૮ કરોડની જોગવાઈ.

## કામધેનુ યુનિવર્સિટી

- કામધેનુ યુનિવર્સિટી હસ્તક સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા માટે રૂ. ૧૩૭ કરોડની જોગવાઈ.

## મત્સ્યોદ્યોગ

- દરિયાઈ વિસ્તારનાં ૧૦ હજાર માછીમારોને હાઈસ્પીડ ડીઝલ ઓઈલ પરની વેટ માફી યોજનાનો લાભ આપવા માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઈ.
- નવાબંદર, માઢવાડ, વેરાવળ, પોરબંદર અને સૂત્રાપાડા મત્સ્ય બંદરોનો વિકાસ તથા કુદરતી આફતો સામે બોટ પાર્કિંગ સુવિધાઓ, મત્સ્ય પકડાશના સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદન માટે જરૂરી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા રૂ. ૯૭ કરોડની જોગવાઈ.
- દરિયાકાંઠાના વિસ્તારના માછીમારોને ઓ.બી.એમ. મશીનની ખરીદી ઉપર સહાય આપવા રૂ. ૧૫ કરોડની જોગવાઈ.
- ચોરવાડ અને ઉમરસાડી વિસ્તારમાં મત્સ્ય ઉતરાણ માટે ફ્લોટીંગ જેટી બનાવવા રૂ. ૫ કરોડની જોગવાઈ.
- માછીમાર ભાઈઓને જમ્બો પ્લાસ્ટિક ક્રેટ તથા મેન્યુઅલ મટીરિયલ હેન્ડલીંગ સ્ટેકર ખરીદી ઉપર સહાય આપવા માટે રૂ. ૩ કરોડની જોગવાઈ.
- જળાશયોમાં કેજ કલ્ચરની આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી મત્સ્ય ઉત્પાદનમાં વધારો કરવા માટે સહાય આપવાની યોજના હેઠળ રૂ. ૨ કરોડની જોગવાઈ.

## સહકાર

- રાજ્યના ખેડૂતો દ્વારા લેવામાં આવેલ પાક ધિરાણ ઉપર સમયમર્યાદામાં પાક ધિરાણ પરત ભરપાઈ કરતાં ખેડૂતોને વધારાની વ્યાજ રાહત આપી શૂન્ય ટકા વ્યાજની પાક ધિરાણ યોજના માટે રૂ. ૧૦૦૦ કરોડની જોગવાઈ.

## કૃષિ બજાર વ્યવસ્થા

- ખરીદ વેચાણ અને સંગ્રહ વ્યવસ્થા યોજના હેઠળ રૂ. ૭૮ કરોડની જોગવાઈ.
- તાલુકા અને જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘોના વિવિધ પ્રોજેક્ટ માટે ૫૦ ટકા કેપિટલ સહાયની યોજના હેઠળ રૂ. ૬ કરોડની જોગવાઈ.


# જળસંપત્તિ

## જળસંપત્તિ વિભાગ માટે રૂ. ૫૪૯૪ કરોડની જોગવાઈ

એક સમયે આપણું રાજ્ય પાણીની અછત ધરાવતા રાજ્ય તરીકે ઓળખાતું હતું. સરકારના જળ સંસાધન માટેના છેલ્લાં ૨૫ વર્ષોના કુનેહભર્યા પ્રયત્નોથી આજે ગુજરાત વોટર મેનેજમેન્ટ માટે સમગ્ર દેશમાં રોલ મોડેલ બન્યું છે. નીતિ આયોગ દ્વારા ગુજરાતને કોમ્પોઝીટ વોટર મેનેજમેન્ટ ઈન્ડેક્ષમાં છેલ્લા ૩ વર્ષથી સતત પ્રથમ સ્થાન આપવામાં આવેલ છે.

- રાજ્યની મહત્ત્વાકાંક્ષી સૌની યોજનાના પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થયેલ છે. બીજા તબક્કાની કામગીરી મહદ્અંશે પૂર્ણ થયેલ છે. રાજકોટ શહેરની જીવાદોરી સમાન આજી ૧ અને ન્યારી-૧ ડેમમાં નર્મદાનું પાણી ભરવામાં આવેલ છે તથા ભાવનગર શહેરના પીવાના પાણી માટે મહત્ત્વના સ્રોત બોર તળાવને સૌની યોજના હેઠળ સમાવેલ છે. આ યોજનાના ત્રીજા તબક્કા માટે રૂ. ૧૦૭૧ કરોડની જોગવાઈ.
- અટલ ભૂજલ યોજના હેઠળ ૫ વર્ષના સમયગાળા માટે રૂ. ૭૫૭ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં ચેકડેમ, તળાવો ઊંડાં કરવા અને નવાં બનાવવા જળસંચય યોજનાઓનાં કામો માટે રૂ. ૩૧૨ કરોડની જોગવાઈ.
- બનાસકાંઠા જિલ્લાના થરાદ, લાખણી, ડીસા અને દાંતીવાડા તાલુકાના આશરે ૬૦૦૦ હેક્ટર વિસ્તારને લાભ આપતી થરાદથી સીપુ ડેમ સુધીની પાઈપલાઈનની યોજના પ્રગતિ હેઠળ છે. જેના માટે રૂ. ૨૨૬ કરોડની જોગવાઈ.
- સાબરમતી નદી પર હિરપુરા અને વલાસણા બેરેજના પ્રગતિ હેઠળનાં કામ માટે વધુ રૂ. ૫૦ કરોડની જોગવાઈ.

સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ હયાત પાઈપલાઈનથી ૨ કિલોમીટરની મર્યાદામાં આવતાં ૭૩૭ તળાવોમાં પાણી આપવામાં આવે છે. હવે ખેડૂતોની માંગણી ધ્યાને લઈ આ પાઈપલાઈનથી ૩ કિલોમીટરની મર્યાદામાં આવતા

વધારાનાં નવાં ૨૯૫ તળાવોમાં પાણી આપવા માટે પાઈપલાઈન નાખવામાં આવશે, જેના માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ.

**આદિજાતિ વિસ્તાર માટે કુલ જોગવાઈ રૂ. ૧૩૪૯ કરોડ**

ઉકાઈ જળાશય આધારિત સોનગઢ, ઉચ્છલ, નીઝર અને કુકરમુંડા તાલુકાના અંદાજે ૨૭,૨૦૦ હેક્ટર વિસ્તારને લાભ આપવા માટેની રૂ. ૯૬૨ કરોડના ખર્ચે સોનગઢ ઉચ્છલ-નીઝર ઉદ્‌વહન પાઈપલાઈનનું આયોજન છે. જેના માટે રૂ. ૩૩૦ કરોડની જોગવાઈ.

- સુરત જિલ્લામાં રૂ. ૫૯૦ કરોડના ખર્ચે કાકરાપાર-ગોરધા-વડ ઉદ્‌વહન પાઈપલાઈન યોજના પૂર્ણ કરી માંગરોળ અને માંડવી તાલુકાના આશરે ૧૯,૮૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ આપવામાં આવેલ છે.
- પંચમહાલ જિલ્લાના શહેરા, ગોધરા, કાલોલ અને ઘોઘંબા તેમજ મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના વિસ્તારમાં પાનમ જળાશય અને ઉચ્ચસ્તરીય કેનાલ આધારિત યોજનાઓ માટે રૂ. ૧૮૫ કરોડની જોગવાઈ.
- સુરત જિલ્લાના ઉમરપાડા તથા નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાનાં ૭૩ ગામોના ૨૧૭૫૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ સુવિધાનો લાભ આપવા માટે રૂ. ૭૧૧ કરોડની તાપી-કરજણ લીંક પાઈપલાઈન યોજનાનાં કામો પ્રગતિ હેઠળ છે, જેના માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઈ.
- કડાણા જળાશય આધારિત કડાણા-દાહોદ પાઈપ લાઈનનું વિસ્તૃતીકરણ કરી દાહોદ જિલ્લાના સંજેલી, સીંગવડ, ધાનપુર અને દેવગઢબારિયા તાલુકાઓના સિંચાઈથી વંચિત રહેલા વધુ ૪૫૦૦ હેક્ટર આદિવાસી વિસ્તારને આવરી લેવા માટે અંદાજિત રૂ. ૨૨૬ કરોડની ઉદ્‌વહન સિંચાઈ યોજનાનું આયોજન કરેલ છે, જેના માટે રૂ. ૧૧૦ કરોડની જોગવાઈ.
- કરજણ જળાશય આધારિત દક્ષિણ ગુજરાતના નર્મદા જિલ્લાનો નાંદોદ તાલુકો, સુરત જિલ્લાના માંગરોળ અને ભરૂચ જિલ્લાના ઝઘડીયા, વાલીયા અને નેત્રંગ તાલુકા વિસ્તારમાં ૭૫૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ આપવા રૂ. ૪૧૮ કરોડની પાઈપલાઈન યોજના. પૂર્ણ કરવા માટે રૂ. ૩૬ કરોડની જોગવાઈ.

**કલ્પસર પ્રભાગ માટે રૂ. ૧૫૦૧ કરોડની જોગવાઈ**

**ભાડભૂત બેરેજ યોજના**

નર્મદા નદીનું મીઠું પાણી અત્યારે ભરૂચ પાસે બિન ઉપયોગી રીતે દરિયામાં વહી જાય છે. તેનો સંગ્રહ કરી મીઠા પાણીનું સરોવર બનાવી ભરૂચ-અંકલેશ્વર વિસ્તારની ખારી થતી જમીનને બચાવવા અને આ વિસ્તારમાં દરિયાઈ ભરતીના કારણે ખારા થતા પાણીની ગુણવત્તા સુધારવા ભરૂચ અને અંકલેશ્વર પાસે આવેલ ભાડભૂત નજીક નર્મદા નદી ઉપર રૂ. ૫૩૨૨ કરોડની અંદાજિત ખર્ચની ભાડભૂત યોજનાની કામગીરી શરૂ કરેલ છે. આગામી ચાર વર્ષમાં સદરહુ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. આ બેરેજમાં ૫૯૯ મિલીયન ઘનમીટર મીઠા પાણીનો સંગ્રહ કરી શકાશે જેના કારણે નર્મદા નદીમાં ૭૦ કિલોમીટર લંબાઈમાં ખારાશ અટકશે. આ વિશાળ મીઠા પાણીના સરોવરથી ભરૂચ જિલ્લાને વ્યાપક રીતે લાભ થશે. વધુમાં, ભાડભૂત બેરેજ ઉપર ૬ માર્ગીય બ્રિજ બનાવવાનું આયોજન હોવાથી દહેજથી હજીરા-સુરત વચ્ચેના અંતરમાં ૩૭ કિલોમીટરનો ઘટાડો થશે. બેરેજની આ કામગીરી માટે રૂ. ૧૪૫૩ કરોડની જોગવાઈ.

**સૂક્ષ્મ સિંચાઈ**

યોજનાનુ અમલીકરણ કરવા માટે મે-૨૦૦૫થી ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીની સ્થાપના કરવામાં આવેલ છે. રાજ્ય સરકારની આ કંપની દ્વારા ડ્રીપ ઈરિગેશન સિસ્ટમ નંખાવનાર વિવિધ વર્ગના ખેડૂતોને ૭૦ થી ૯૦ ટકા સબસીડી આપવામાં આવે છે, જેનો લાભ લઈ અત્યાર સુધીમાં ઓગણીસ લાખ સડસઠ હજાર હેક્ટર જમીનમાં ખેડૂતોએ સૂક્ષ્મ સિંચાઈ વ્યવસ્થા ઊભી કરેલ છે. સૂક્ષ્મ સિંચાઈ વ્યવસ્થાનો અમલ કરવામાં ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ ક્રમે છે. આગામી વર્ષે વધુ એક લાખ સત્યાવીસ હજાર હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવા માટે જોગવાઈ રૂ. ૬૭૯ કરોડ.

**નર્મદા યોજના**

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજના થકી નર્મદાનું પાણી ૧૭ લાખ ૯૨ હજાર હેક્ટર વિસ્તારને વાર્ષિક સિંચાઈના હેતુસર પૂરું પાડવા માટે વિશાળ નહેર માળખાનાં કામો પૂર્ણતાના આરે છે. મુખ્ય નહેરનું કામ ૧૦૦%, શાખા નહેરનું કામ ૯૭%, વિશાખા નહેરનું કામ ૯૫%, પ્રશાખા નહેરનું કામ ૯૧%, અને ખેડૂતોના સહકાર




સાથે કરવાની થતી પ્રપ્રશાખા નહેરનું કામ ૮૭% પૂર્ણ થયેલ છે, જેના દ્વારા ખરીફ સિઝન દરમ્યાન પિયત વિસ્તારમાં ખેડૂતોને પૂરતું પાણી આપવામાં આવેલ છે અને રવિ સિઝનમાં પાણી આપવામાં આવી રહ્યું છે. સરદાર સરોવર યોજનાનાં જરૂરી કામોને પૂર્ણ કરવા માટે રૂ. ૭૩૭૦ કરોડની જોગવાઈ.

## શિક્ષણ

### શિક્ષણ વિભાગ માટે કુલ રૂ. ૩૨,૭૧૯ કરોડની જોગવાઈ

શિક્ષણ એ સતત વિકાસની પ્રક્રિયા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ દ્વારા શિક્ષણપદ્ધતિમાં આગામી સમયની જરૂરિયાત ધ્યાને લઈ ક્રાંતિકારી ફેરફારો સૂચવવામાં આવ્યા છે. માતૃભાષામાં શિક્ષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ સાથે આધુનિક યુગને અનુરૂપ શિક્ષણપદ્ધતિને પરિવર્તનશીલ બનાવવામાં આવેલ છે. મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ ગુજરાતના વિદ્યાર્થીઓને અદ્યતન શિક્ષણ પ્રદાન કરવાની દિશામાં મહત્ત્વનું પગલું છે.

- બાળકોના સર્વગ્રાહી વિકાસ સાથે ઉત્તમ શિક્ષણ પ્રદાન કરવા માટે ૩૪૦૦ શાળાઓમાં જરૂરી તમામ સુવિધાઓ વિકસાવવા પાંચ વર્ષ માટે રૂ. ૧૨૦૭ કરોડનું આયોજન.
- ધોરણ-૧થી ૮નાં આશરે ૪૫ લાખ બાળકોને મધ્યાહ્ન ભોજન યોજના, અન્ન સંગમ યોજના, દૂધ સંજીવની યોજના અને સુખડી યોજના અંતર્ગત કુલ રૂ. ૧૦૪૪ કરોડની જોગવાઈ.
- રાઈટ-ટુ-એજ્યુકેશન એક્ટ અંતર્ગત રાજ્યમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે રૂ. ૫૬૭ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને ટ્યુશન ફી તથા હોસ્ટેલ અને ભોજનખર્ચમાં શિષ્યવૃત્તિ સહાય રૂપે રાહત પૂરી પાડવા રૂ. ૨૮૭ કરોડની જોગવાઈ.
- ૧૧ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓને એસ.ટી. બસ ફ્રી પાસ કન્સેશન માટે રૂ. ૨૦૫ કરોડની જોગવાઈ.
- કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા અંદાજિત ત્રણ લાખ વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવા રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ.
- હયાત નિવાસી શાળાઓ જેવી કે, કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય, મોડેલ સ્કૂલ અને આશ્રમશાળાઓ ખાતે ઉત્તમ પ્રકારનું નિવાસી શિક્ષણ મળે તે હેતુથી વિશાળ પાયે માળખાગત સુવિધાઓ ઊભી કરવાની યોજના માટે રૂ. ૮૦ કરોડની જોગવાઈ.
- રાજ્યની ૨૦૦૦ પ્રાથમિક શાળાઓ ખાતે વીજળીકરણ અને પીવાના પાણીની સુવિધા માટે રૂ. ૭૨ કરોડની જોગવાઈ.
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ ઓગણીસ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓને વિના મૂલ્ય પાઠ્યપુસ્તકો પૂરાં પાડવા રૂ. ૬૫ કરોડની જોગવાઈ.
- જે બાળકોના ઘરનું અંતર તેમની શાળાથી ૧ કિલોમીટર કરતાં વધુ હોય તેવા દોઢ લાખથી વધુ બાળકોને વાહનવ્યવહારની સુવિધા આપવા માટે રૂ. ૬૦ કરોડની જોગવાઈ.
- ઐતિહાસિક મહત્ત્વ અને વિશેષ પ્રકારનાં વારસાગત સ્થાપત્ય ધરાવતી ખૂબ જૂની શાળાઓનું મહત્ત્વ અનેરું છે. આ શાળાઓને હેરિટેજ સ્કૂલ તરીકે નવીનીકરણ કરવા માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ.
- રાજ્યની વિવિધ યુનિવર્સિટી ખાતે પીએચડી ડિગ્રી માટે સંશોધન કરતા વિદ્યાર્થીઓ માટે શોધ યોજના અંતર્ગત રૂ. ૨૦ કરોડની જોગવાઈ.
- વિદ્યાર્થીઓમાં સુષુપ્તાવસ્થામાં રહેલ શોધ ભાવનાને પ્રોત્સાહન આપી અવનવા વિચારોના સર્જનથી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ વિકસાવવા માટે પહેલ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. આ નીતિ અંતર્ગત અંદાજિત ૧૪ લાખ વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ.
- આઈઆઈટી એન્જિનિયરિંગ અને મેડિકલ પ્રવેશ પરીક્ષા તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માટે રાજ્યની સરકારી અને અનુદાનિત શાળાઓમાં ધોરણ-૧૧ અને ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને નિવાસી શિક્ષણની વ્યવસ્થા અને ઓનલાઈન ડિસ્ટન્સ લર્નિંગની સુવિધા પૂરી પાડવાની યોજના માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ.
- અભિરુચિ ધરાવતાં બાળકોને સંસ્કૃત શિક્ષણમાં જોડવા પ્રોત્સાહન આપવા અને શ્રેષ્ઠ આચાર્યો તૈયાર કરવાના હેતુથી ૩૭ સંસ્કૃત પાઠશાળાઓના સુદૃઢીકરણ માટે મિશના ગુરૂકુળ યોજના અંતર્ગત રૂ. ૧૦ કરોડની જોગવાઈ.

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે રૂ. ૧૧,૩૨૩ કરોડની જોગવાઈ**

પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન સ્વર્ગીય અટલ બિહારી વાજપાઈજીની કવિતાની એક પંક્તિ આપણા સૌ માટે પ્રેરણારૂપ છે.

विपदाएँ आती हैं आएँ, हम न रुकेंगे, हम न रुकेंगे।

आघातों की क्या चिंता है? हम न झुकेंगे, हम न झुकेंगे।

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ અમારા કોરગૃપના માધ્યમથી ગુજરાત રાજ્યમાં કોવિડ મહામારી દરમ્યાન કરેલ અભૂતપૂર્વ કામગીરીની હું પુનઃ એકવાર આ સન્માનનીય સભાગૃહને યાદ અપાવું છું. રાજ્યમાં ૯૨૩૧ પેટા આરોગ્ય કેન્દ્રો, ૧૪૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૩૨૧ શહેરી આરોગ્ય કેન્દ્રો અને ૩૪૮ સામુદાયિક આરોગ્ય કેન્દ્રો દ્વારા આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આરોગ્યક્ષેત્રે વિકસાવવામાં આવેલી આ પાયાની સુવિધાઓના કારણે રાજય સરકારે આરોગ્ય સૂચકાંકમાં ખૂબ જ સારો સુધારો હાંસલ કરેલ છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને રાજય સરકારની મુખ્યમંત્રી મા-વાત્સલ્ય યોજના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે ખૂબ જ આશીર્વાદરૂપ પુરવાર થયેલ છે. આ યોજના દ્વારા લાભાર્થીઓને વાર્ષિક રૂપિયા પાંચ લાખ સુધીની સારવાર વિના મૂલ્ય આપવામાં આવે છે. આ યોજના માટે જોગવાઈ રૂ. ૧૧૦૬ કરોડ.

- રાજ્યમાં ઓછા વજન સાથે જન્મતા બાળકોને વિના મૂલ્ય સારવાર પૂરી પાડતી યોજના બાલસખા-૩ માટે રૂ. ૧૪૫ કરોડની જોગવાઈ.
- નવી સિવિલ હોસ્પિટલ, અમદાવાદની સુવિધાઓને અપગ્રેડ કરવા માટે રૂ. ૮૭ કરોડની જોગવાઈ.

પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત સગર્ભા માતાઓને સહાય માટે રૂ. ૬૬ કરોડની જોગવાઈ.

- ભારત સરકારના સહયોગથી ગોધરા અને મોરબી ખાતે બનાવવામાં આવનાર નવી મેડિકલ કોલેજના બાંધકામ અને હોસ્પિટલોને અપગ્રેડ કરવા માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ.
- ખૂબ જ લોકપ્રિય અને ઉપયોગી બનેલ ૧૦૮ અમ્બ્યુલન્સ સર્વિસમાં હાલ ૬૨૨ એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે. નવી ૧૫૦ એમ્બ્યુલન્સ વાન સેવારત કરવા રૂ. ૩૦ કરોડની જોગવાઈ.
- સુરત ખાતે કિડની હોસ્પિટલને અદ્યતન બનાવવા માટે સાધનસામગ્રી અને માનવ સંસાધન ઉપલબ્ધ કરાવવા માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ.
- રસીકરણની કામગીરી સુચારુ રૂપથી કરવા માટે રાજ્યકક્ષાએ ખાસ રસીકરણ સેલ ઊભો કરવામાં આવશે. વધુમાં ૯ જિલ્લામાં મેડિકલ વેક્સિન સ્ટોરના બાંધકામ માટે રૂ. ૩ કરોડની જોગવાઈ.
- ૨૦ સિવિલ હોસ્પિટલો ખાતે આયુર્વેદિક પદ્ધતિથી પંચકર્મ સારવાર પૂરી પાડવા ડે-કેર પંચકર્મ સેન્ટર શરૂ કરવામાં આવશે.

## મહિલા અને બાળવિકાસ

**મહિલા અને બાળવિકાસ વિભાગ માટે કુલ રૂ. ૩૫૧૧ કરોડની જોગવાઈ**

"સશક્ત મહિલા સુપોષિત ગુજરાત"ના અભિગમ સાથે રાજ્યમાં ૫૩,૦૦૦થી વધુ આંગણવાડીઓ મારફત અંદાજિત ૬૦ લાખ બાળકો, કિશોરીઓ, સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને પૂરક પોષણ અને આરોગ્યશિક્ષણનો લાભ આપવામાં આવે છે.

- પૂરક પોષણ યોજનાઓ માટે રૂ. ૯૩૯ કરોડની જોગવાઈ.
- ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ અંદાજિત ૮ લાખ લાભાર્થી વિધવા બહેનોને સહાય આપવા રૂ. ૭૦૦ કરોડની જોગવાઈ.
- રાજ્યની ૧૫ થી ૧૮ વર્ષની ૧૧ લાખ ૭૬ હજાર કિશોરીઓને લાભ આપવા માટે પૂર્ણા યોજના અંતર્ગત રૂ. ૨૨૦ કરોડની જોગવાઈ.
- વિકાસશીલ તાલુકાઓ અને આદિજાતિ વિસ્તારના મળી કુલ ૮૩ તાલુકામાં આંગણવાડી લાભાર્થીઓને ફ્લેવર્ડ દૂધ પૂરું પાડવા માટેની દૂધ સંજીવની યોજના અંતર્ગત રૂ. ૧૩૬ કરોડની જોગવાઈ.
- છ માસથી ત્રણ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણસ્તરમાં સુધારો લાવવા પ્રાયોગિક ધોરણે ડાંગ, દાહોદ, નર્મદા, દ્વારકા અને ભાવનગર જિલ્લામાં આયુર્વેદિક ઔષધિઓના ઉપયોગનું આયોજન છે, જે માટે રૂ. ૯ કરોડની જોગવાઈ.
- નવી શિક્ષણનીતિ-૨૦૨૦ અનુસાર પૂર્વ પ્રાથમિક શિક્ષણ સુદૃઢ કરવા અને આંગણવાડીમાં અભ્યાસ અર્થે આવતાં ૧૬ લાખથી વધુ બાળકોનો ગુણવત્તાપૂર્ણ સર્વાંગી વિકાસ માટે "પા પા પગલી" યોજનાનું આયોજન કરવામાં આવેલ છે, જે માટે રૂ. ૫ કરોડની



જોગવાઈ.

- સામાજિક ઉત્થાનના પ્રયાસ રૂપે પુનર્લગ્ન કરનાર વિધવા મહિલા ગૌરવ સાથે સન્માનિત જીવન નવેસરથી શરૂ કરી શકે તે માટે લાભાર્થી દીઠ રૂ.૫૦ હજારની સહાય કરવામાં આવશે. આ ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન સહાય યોજના માટે રૂ.૩ કરોડની જોગવાઈ.

## પાણી પુરવઠા

**પાણી પુરવઠા પ્રભાગ માટે કુલ રૂ. ૩૯૭૪ કરોડની જોગવાઈ**

રાજ્યના તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં પીવાનું પર્યાપ્ત શુદ્ધ પાણી આપવા રાજ્ય સરકારે અનેક આયોજનો પૂર્ણ કર્યાં છે. પાણી વિતરણ સુનિશ્ચિત કરવા ૧૩,૬૦૦ ગામો અને ૨૦૯ શહેરી વિસ્તારોને આવરી લઈ ૧ લાખ ૨૬ હજાર કિલોમીટરની રાજયવ્યાપી પાણી પુરવઠા ગ્રીડનું નિર્માણ કરવામાં આવેલ છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશના નાગરિકોને ઘરે ઘરે નળથી શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવા "નલ સે જલ" યોજના અમલમાં મૂકેલ છે. આપણી રાજ્ય સરકારે ૮૨ ટકા ઘરો સુધી પાઈપલાઈનથી પાણી પહોંચાડવાનું કામ પૂર્ણ કરેલ છે.

આગામી વર્ષોમાં રાજયનો કોઈપણ તાલુકો પીવાના પાણીના સોર્સ વિના ના રહે તે માટે આયોજન તેમજ અમલવારી કરવાનો સરકારે નિર્ણય કરેલ છે. જેના માટે નર્મદા કેનાલ તેમજ મોટા ડેમ આધારિત પાઈપલાઈન મારફતે ખાતરીપૂર્વકના સોર્સ ઊભા કરવામાં આવશે. શહેરીકરણનો વધતો જતો વ્યાપ ધ્યાને લઈ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની આસપાસના ઓ.જી.વિસ્તારમાં પીવાના પાણી અને ડ્રેનેજ માટે શહેરી સત્તામંડળ સાથે સંયુક્ત રીતે ભવિષ્યલક્ષી આયોજન કરવામાં આવશે.


- આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ૨૮૪૧ ગામોના પ્રગતિ હેઠળના તથા ૧૯૪૧ ગામોના મંજૂર થયેલ પાણી પુરવઠાના કામો માટે રૂ. ૧૦૦૦ કરોડની જોગવાઈ.
- સરફેસ સોર્સ આધારિત જૂથ પાણી પુરવઠા યોજના મારફતે જિલ્લાનાં ગામોને પાણી પૂરું પાડવા વડોદરા, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર, પંચમહાલ, સુરત, નવસારી અને વલસાડ જિલ્લાઓમાં બલ્ક પાઈપલાઈન યોજનાનાં કામો માટે રૂ.૯૬૮ કરોડની જોગવાઈ.
- સૌરાષ્ટ્ર વિસ્તારમાં આગામી વર્ષોની પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા નાવડાથી ચાવંડ અને બુધેલથી બોરડા સુધીની ૧૪૩ કિલોમીટરની બલ્ક પાઈપલાઈન માટે રૂ. ૬૭૫ કરોડની જોગવાઈ.
- સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાનાં ગામોમાં જળ સલામતી પ્રદાન કરવા માટે ચાર જગ્યાએ ૨૭ કરોડ લિટર ક્ષમતાના ડીસસેલીનેશન પ્લાન્ટ સ્થાપવા માટે રૂ. ૩૦૦ કરોડની જોગવાઈ.
- હર ઘર જલ યોજનામાં ગાંધીનગર, મહેસાણા, પોરબંદર, બોટાદ અને આણંદ જિલ્લાઓની ૧૦૦% કામગીરી પૂર્ણ થયેલ છે. રાજયના બાકી રહેલ ૧૭ લાખ ૭૮ હજાર ઘરોમાં નળજોડાણ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવાના આયોજન અંતર્ગત રૂ. ૩૦૦ કરોડની જોગવાઈ.
- રિયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર નીતિ અંતર્ગત જુદાં જુદાં શહેરી વિસ્તારોમાં ગંદા પાણીને ટ્રીટ કરી તેના પુનઃઉપયોગની યોજનાઓ માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ.
- અમદાવાદ, વડોદરા અને જેતપુરમાં ઔદ્યોગિક ગંદા પાણીના વહન માટે અંદાજે રૂ. ૨૨૭૫ કરોડના પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવી રહેલ છે. જે માટે રૂ. ૭૫૮ કરોડની જોગવાઈ.

## સામાજિક ન્યાય અને અધિકારિતા

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે કુલ રૂ. ૪૩૫૩ કરોડની જોગવાઈ અને અધિકારિતા**

અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિ, આર્થિક રીતે પછાત વર્ગો, લઘુમતી જાતિ, સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળાં બાળકો, દિવ્યાંગો, નિરાધાર વૃદ્ધોનો શૈક્ષણિક, આર્થિક અને સામાજિક વિકાસ થાય તે માટે સરકાર કટિબદ્ધ છે.

- વૃદ્ધ પેન્શન, નિરાધાર વૃદ્ધ યોજના અને વય વંદના યોજના અંતર્ગત ૧૦ લાખ ૯૫ હજાર નિરાધાર વૃદ્ધોને પેન્શન આપવા માટે રૂ. ૧૦૩૨ કરોડની જોગવાઈ.
- પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના કુલ ઓગણચાલીસ લાખ એંશી હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય તથા ધોરણ-૯ અને ૧૦ માં અભ્યાસ કરતા છ લાખ ત્રેસઠ હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા રૂ. ૫૪૯ કરોડની જોગવાઈ.
- આંબેડકર આવાસ યોજના અને પંડિત દીનદયાલ

આવાસ યોજના હેઠળ સહાય આપવા રૂ. ૧૫૯ કરોડની જોગવાઈ.

- ધોરણ-૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે એક લાખ બ્યાંશી હજાર કન્યાઓને વિના મૂલ્ય સાયકલ આપતી સરસ્વતી સાધના યોજના હેઠળ રૂ. ૭૧ કરોડની જોગવાઈ
- દિવ્યાંગોના સશક્તીકરણ માટે દિવ્યાંગ શિષ્યવૃત્તિ, દિવ્યાંગ સ્વરોજગારી અને એસ.ટી. બસમાં મફત મુસાફરી માટેની યોજના હેઠળ રૂ. ૫૩ કરોડની જોગવાઈ.
- માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારી માટે અનુસૂચિત જાતિના ૧૪ હજાર લાભાર્થીઓને અને વિકસતી જાતિના ૨૦ હજાર લાભાર્થીઓને સાધનો પૂરાં પાડવા માટે રૂ. ૪૪ કરોડની જોગવાઈ
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની કન્યાઓને કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ આપવામાં આવતી રૂ. ૧૦,૦૦૦ ની સહાયમાં રૂ. ૨૦૦૦નો વધારો કરી રૂ. ૧૨,૦૦૦ કરવાની હું જાહેરાત કરું છું. આ માટે રૂ. ૪૦ કરોડની જોગવાઈ.
- રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના માટે રૂ. ૧૯ કરોડની જોગવાઈ.
- સાત ફેરા સમૂહલગ્ન સહાય યોજના માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ.
- ૮૦ ટકા કે તેથી વધુ બૌદ્ધિક અસમર્થતા ધરાવતી દિવ્યાંગ વ્યક્તિને માસિક રૂ. ૧૦૦૦ પેન્શન આપવામાં આવે છે. હવે આ યોજનાના લાભ માટે દિવ્યાંગતાની ટકાવારી ૮૦ ટકાથી ઘટાડીને ૭૫ ટકા કરવાની હું જાહેરાત કરું છું. વધુમાં સેરેબ્રલ પાલ્સી અને ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને પણ આ યોજનામાં આવરી લેવામાં આવશે, જેના કારણે આ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વધુ વ્યક્તિઓને પેન્શનનો લાભ મળશે, જે માટે રૂ. ૯ કરોડની જોગવાઈ.
- દિવ્યાંગ લગ્ન સહાય યોજના માટે રૂ. ૮ કરોડની જોગવાઈ.
- અનુસૂચિત જાતિની ૨૮ અને વિકસતી જાતિની ૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં સ્માર્ટ સ્કૂલ ઈ-લર્નિંગ પ્રોજેક્ટ શરૂ કરવા માટે રૂ. ૩ કરોડની જોગવાઈ.
- અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ત્રણ નવા સરકારી છાત્રાલયના મકાન બાંધકામ માટે રૂ. ૩ કરોડની જોગવાઈ.
- ગાંધીનગર ખાતે કન્યાઓ માટે અદ્યતન સુવિધા સાથેના સમરસ છાત્રાલયના મકાન બાંધકામ માટે રૂ. ૧ કરોડની જોગવાઈ.
- જુવેનાઈલ જસ્ટિસ ફંડ મારફત મુશ્કેલીમાં મુકાયેલા બાળકોને સહાય અને પુનર્વસન માટે રૂ. ૧ કરોડની જોગવાઈ.
- દિવ્યાંગ વ્યક્તિઓને મુદતી ધિરાણ, શૈક્ષણિક હેતુ માટે ધિરાણ, માઈક્રો ફાયનાન્સ જેવી યોજનાઓ દ્વારા આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે સક્ષમ કરવા માટે ગુજરાત રાજ્ય. દિવ્યાંગ નાણા અને વિકાસ નિગમ માટે રૂ. ૭ કરોડની જોગવાઈ.
- વડોદરા ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકર સંકલ્પ સ્મારકના કામો માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ.
- ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલમાં મુકાયેલ શૈક્ષણિક અને રોજગારલક્ષી યોજનાઓ તેમજ વિવિધ લોન સહાય માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ.

## આદિજાતિ વિકાસ

**આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ રૂ. ૨૬૫૬ કરોડની જોગવાઇ**

- અનુસૂચિત જનજાતિના બે લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મૅટ્રિક શિષ્યવૃત્તિ આપવા માટે રૂ. ૩૬૫ કરોડની જોગવાઈ.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત ૫૩ આદિજાતિ તાલુકાના પ્રાથમિક શાળાના ૮ લાખ બાળકોને ફ્લેવર્ડ દૂધ આપવા માટે રૂ. ૧૭૦ કરોડની જોગવાઈ.
- અનુસૂચિત જનજાતિના પ્રિ-એસ.એસ.સી.ના ૧૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે રૂ. ૧૩૮ કરોડની જોગવાઈ.
- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી અને મૂકસેવક ઠક્કરબાપાના માગદર્શનથી બનાવવામાં આવેલ સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત અનુસૂચિત જનજાતિની આશ્રમ શાળાઓ/ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ખૂટતી ભૌતિક સુવિધાઓ પૂરી પાડવા તથા જર્જરિત વર્ગખંડોના નવીનીકરણ માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ.
- નર્મદા જિલ્લાના રાજપીપળા મુકામે બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે રૂ. ૩૬ કરોડની જોગવાઈ.
- અદ્યતન સુવિધાવાળાં સમરસ છાત્રાલયો અંતર્ગત



અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૨ કરોડની જોગવાઈ.

- અનુસૂચિત જનજાતિની ધો.૯ માં અભ્યાસ કરતી ૪૮,૦૦૦ વિદ્યાર્થિનીઓને વિદ્યાસાધના યોજના હેઠળ સાયકલ માટે રૂ. ૧૯ કરોડની જોગવાઈ.
- રૂ.સ્વતંત્રતાની રાષ્ટ્રીય ચળવળમાં મહત્ત્વનો ભાગ ભજવનાર આદિજાતિ સ્વાતંત્ર્યસેનાનીઓના યોગદાન અને આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતા નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે રાષ્ટ્રીય કક્ષાના સંગ્રહાલયના નિર્માણ માટે રૂ. ૨૬ કરોડની જોગવાઈ.
- હાલમાં જ્યારે ડિજિટલ સેવાઓનો વ્યાપ વધ્યો છે ત્યારે તેનો લાભ અંતરિયાળ આદિજાતિ વિસ્તારને પણ સરળતાથી મળી શકે તે હેતુથી નેટવર્ક કવરેજ વધારવા નવા મોબાઈલ ટાવર ઊભા કરવા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાના ઉદ્દેશથી સ્માર્ટ ક્લાસ રૂમ શરૂ કરવા રૂ. ૯ કરોડની જોગવાઈ.

## પંચાયત અને ગ્રામવિકાસ


### પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ માટે કુલ રૂ. ૮૭૯૬ કરોડની જોગવાઈ

આત્મા ગામડાંનો અને સુવિધા શહેરની એ આશય સાથે ગુજરાતના દરેક ગામડામાં માળખાગત સુવિધાઓનો વિકાસ સરકારે હાથ ધરેલ છે. ગામમાં શુદ્ધ પીવાનું પાણી મળે, ગામમાં પાકી ગટર વ્યવસ્થા હોય, ગામમાં પ્રવાહી અને ઘન કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા હોય અને ગામેગામ ઈન્ટરનેટની સુવિધા પ્રાપ્ત થાય તે દિશામાં રાજ્ય આગળ વધી રહ્યું છે.

- ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા દ્વારા રસ્તા, પીવાનું પાણી અને ગટર વ્યવસ્થા, આરોગ્ય અને શિક્ષણની પ્રાથમિક વ્યવસ્થા તેમજ સ્ટ્રીટ લાઈટની સુવિધા ઊભી કરવા ૧૫મા નાણાપંચ અંતર્ગત રૂ. ૨૩૮૫ કરોડની જોગવાઈ.
- ડોર ટુ ડોર કલેક્શન દ્વારા ઘન કચરો એકત્ર કરવા માટે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ગ્રામ પંચાયતોને વ્યક્તિદીઠ માસિક ગ્રાન્ટ રૂપિયા બેથી બમણી કરી રૂપિયા ચાર કરવાની હું જાહેરાત કરું છું, જેના માટે રૂ. ૧૭૫ કરોડની જોગવાઈ.
- માદરે વતન અને રૂર્બન યોજના માટે રૂ. ૧૪૦ કરોડની જોગવાઈ.
- ગ્રામ પંચાયતોને જરૂરી કમ્પ્યુટર વ્યવસ્થા અને હાઈ-સ્પીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી પૂરી પાડવા રૂ. ૯૦ કરોડની જોગવાઈ.
- નવીન બનેલ ગ્રામ પંચાયત/તાલુકા પંચાયત/જિલ્લા પંચાયતનાં મકાનો પર સોલાર રૂફ ટોપ માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ.
- નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના આદેશ મુજબ અમલાખાડી, ઢાઢર, અમરાવતી, કોલક, બાલેશ્વર અને કીમ નદી પરનાં ૧૯ ગામોમાં ગંદા પાણીના શુદ્ધીકરણ અને સ્વચ્છતા માટે રૂ. ૫ કરોડની જોગવાઈ.
- ગ્રામ પંચાયતની મિલકતો અને રેકર્ડની વ્યવસ્થિત જાળવણી તેમજ કામોનું ડુપ્લિકેશન ન થાય તે માટે જીઓ ટેગિંગ મિલકત રજિસ્ટર તૈયાર કરવા માટે રૂ. ૫ કરોડની જોગવાઈ.

**ગ્રામવિકાસ**

- ૨૦૨૨ સુધીમાં સૌને આવાસના ઉદ્દેશ સાથે અમલમાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજના. (ગ્રામીણ) હેઠળ નવા ૧ લાખ આવાસો બાંધવામાં આવશે, જેના માટે રૂ. ૧૨૫૦ કરોડની જોગવાઈ.
- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત રૂ. ૮૦૦ કરોડની જોગવાઈ.
- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના અંતર્ગત રૂ. ૫૬૪ કરોડની જોગવાઈ.
- મહિલાઓના સશક્તિકરણ અને આર્થિક વિકાસ માટે નેશનલ રૂરલ લાઈવલીહૂડ મિશન (આજીવિકા) અંતર્ગત રૂ. ૩૦૦ કરોડની જોગવાઈ.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના માટે રૂ. ૧૨૪ કરોડની જોગવાઈ.
- સ્થાનિક આર્થિક વિકાસને ઉત્તેજન આપવા અને મૂળભૂત સેવાઓનો વ્યાપ વધારવા શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન હેઠળ રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ. મનરેગા યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં ઉપયોગી અસ્કયામતો ઊભી કરવી જરૂરી હોવાથી જૂથ કૂવા, બાગાયત નર્સરી, ગ્રામ પંચાયત ભવન, આંગણવાડી કેન્દ્રો, સેગ્રીગેશન શેડ, અનાજ સંગ્રહ માટેનાં ગોડાઉન, સ્વસહાય જૂથ સંચાલિત લઘુ ઉદ્યોગો માટે વર્ક શેડ, કેટલ શેડનાં કામો માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ.
- નવા મંજૂર આવાસની સાથે બાથરૂમની સુવિધા ઊભી કરવા માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ.



- ગામમાં પ્રવાહી કચરાના વ્યવસ્થાપન માટે ગ્રે-વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ નાખવાની યોજના અંતર્ગત રૂ. ૩૪ કરોડની જોગવાઈ.
- મહિલા ઉત્કર્ષ યોજનાના લાભાર્થીઓને આર્થિક ઉપાર્જનની કાયમી વ્યવસ્થા મળે તે હેતુથી મનરેગા યોજના અંતર્ગત બોરવેલ અને સોલાર પંપ આપવા માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ.
- ગ્રામીણ વિસ્તારના પ્લોટવિહોણા લાભાર્થીઓ માટે જયારે પર્યાપ્ત ગામતળ ઉપલબ્ધ ના હોય ત્યારે ૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતાં મોટાં ગામોમાં મર્યાદિત જમીનનો ઉપયોગ કરી ૩ માળના મકાનોની યોજનાથી આવાસોનો લાભ આપી શકાય તે માટે મુખ્યમંત્રી સામુદાયિક આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત રૂ. ૨૧ કરોડની જોગવાઈ.
- મહિલા સ્વસહાય જૂથોને શૂન્ય વ્યાજ દરે ધિરાણ મળી શકે તે ઉદ્દેશથી વ્યાજ સહાય આપવા માટે રૂ. ૧૮ કરોડની જોગવાઈ.

## શહેરી વિકાસ

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ માટે કુલ રૂ. ૧૩,૪૯૩ કરોડની જોગવાઈ**

રાજયમાં વધતા વિકાસ સાથે ઝડપી શહેરીકરણની પ્રક્રિયા સાહજિક છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના દ્વારા ગુજરાતનાં શહેરોમાં ઊભી કરવામાં આવેલ ૨૧મી સદીની અદ્યતન માળખાગત સુવિધાઓની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવામાં આવેલ છે. સ્વચ્છ શહેર બાબતના સર્વેક્ષણમાં સમગ્ર દેશમાં મેગા સિટીમાં અમદાવાદ પ્રથમ ક્રમે તો અન્ય શહેરોમાં સુરતે બીજો અને રાજકોટે ચોથો ક્રમ મેળવી રાજયનું ગૌરવ વધાર્યું છે. તદ્‌ઉપરાંત ગાંધીનગર શહેરને બેસ્ટ સિટી ઈન ઈનોવેશન એન્ડ બેસ્ટ પ્રેક્ટિસિસનો પુરસ્કાર મળેલ છે.

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજયની નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળો માટે રૂ. ૪૫૯૩ કરોડની જોગવાઈ.
- વર્ષ ૨૦૨૨ સુધીમાં શહેરી વિસ્તારમાં સૌને આવાસ ઉપલબ્ધ કરાવવા નવા ૫૫,૦૦૦ આવાસોના નિર્માણ અર્થે સહાય માટે રૂ. ૯૦૦ કરોડની જોગવાઈ.
- અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ તથા દાહોદ નગરપાલિકાને સ્માર્ટ સિટી હેઠળ રૂ. ૭૦૦ કરોડની જોગવાઈ.
- અમૃત યોજના અંતર્ગત ૮ મહાનગરપાલિકા અને ૨૩ નગરપાલિકાઓમાં પાણી પુરવઠા, ગટર, વરસાદી પાણીનો નિકાલ અને પરિવહન જેવી સુવિધાઓ માટે રૂ. ૬૫૦ કરોડની જોગવાઈ.
- અમદાવાદ અને ગાંધીનગર તથા સુરત શહેર ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) લિમિટેડ હેઠળ રૂ. ૫૬૮ કરોડની જોગવાઈ.
- સ્વચ્છ ભારત મિશન (અર્બન) તથા નિર્મળ ગુજરાત હેઠળ રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ.
- દીનદયાળ અંત્યોદય યોજના-નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન હેઠળ રૂ. ૧૫૦ કરોડની જોગવાઈ.

મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ મહિલા ઉત્કર્ષ જૂથ બનાવી રૂ. ૧ લાખ સુધીનું સંપૂર્ણ વ્યાજ રહિત ધિરાણ આપવાની યોજના માટે રૂ. ૮૦ કરોડની જોગવાઈ.

- રાજયની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનઓના માનવબળ રહિત સંચાલન અને નિભાવણી માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ.
- રાજયના અમદાવાદ, સુરત મહાનગર અને રાજયના પાટનગર એવા ગાંધીનગરમાં મેટ્રોનું આયોજન કરી દેવામાં આવેલ છે. હવે રાજય મહાનગર એવા વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર શહેરોમાં પણ મેટ્રો લાઈટ-મેટ્રો નીઓ જેવી નવી ટેક્નોલોજીવાળી મેટ્રો સેવા પૂરી પાડવાનું આયોજન રાજય સરકારે હાથ ધર્યું છે. આ યોજના માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ.
- રાજય સરકાર દ્વારા દર વર્ષે તમામ મ.ન.પા. અને નગરપાલિકાઓને અગ્નિશમન વાહનો અને અત્યાધુનિક સાધનો પૂરાં પાડવામાં આવે છે. આ યોજના અંતર્ગત નવા અગ્નિશામક સાધનો ખરીદવા રૂ. ૩૯ કરોડની જોગવાઈ.
- ફાયર સેફ્ટી કોપ પોર્ટલ ઊભું કરી ફાયર સેફ્ટી ઓફિસરોને તાલીમ અને પ્રમાણપત્ર આપવા માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ.
- પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીના સર્વગ્રાહી વિકાસ માટે એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીની રચના કરેલ છે. આ ઓથોરિટી દ્વારા અંબાજી દેવસ્થાન વિસ્તારના વિકાસ નકશાઓ બનાવી આયોજનબદ્ધ રીતે અનેકવિધ કામો હાથ ધરવામાં આવશે. જે માટે રૂ. ૫ કરોડની જોગવાઈ.



### ગુજરાત ઇન્ટરનેશનલ ફાયનાન્સ ટેક (ગિફ્ટ) સિટી

મને જણાવતાં આનંદ થાય છે કે વૈશ્વિક કક્ષાનું નાણાકીય કેન્દ્ર ગિફ્ટ સિટીમાં દેશનું સૌ પ્રથમ ઈન્ટરનેશનલ ફાયનાન્સ સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે. આ કેન્દ્રમાં રોજના રૂ. ૧ લાખ કરોડથી વધારે રકમના આંતરરાષ્ટ્રીય સોદાઓનું ટ્રેડીંગ થાય છે. ગિફ્ટ સિટીમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની બેન્કો, ઈન્શ્યોરન્સ કંપનીઓ, ફાયનાન્સ કંપનીઓ જેવી ૨૨૦થી વધારે કંપનીઓ કાર્યરત થઈ છે. જેના માધ્યમથી અંદાજિત ૧૨૦૦૦ યુવાનોને પ્રત્યક્ષ રોજગારી મળેલ છે. ન્યુ ડેવલોપમેન્ટ બેન્ક (બ્રીક્સ)ના પ્રથમ ક્ષેત્રિય કાર્યાલયની સ્થાપના પણ ગિફ્ટ સિટીમાં કરવામાં આવેલ છે. ભારતના પ્રથમ બુલિયન સ્પોટ એક્સચેન્જ ગિફ્ટ સિટી ખાતે કાર્યરત કરી સોના અને ચાંદીના સંગ્રહ માટે બુલિયન સંગ્રહ સુવિધાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.


ગિફ્ટ સિટી આઈ.એફ.એસ.સી.માં કાર્યરત સંસ્થાઓને કેન્દ્ર સરકાર દ્વારા ૧૦ વર્ષ માટે આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવેલ છે, જેનાથી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા ગિફ્ટ સિટીમાં મોટા પ્રમાણમાં વિદેશી મૂડીરોકાણ કરાશે અને મોટા પ્રમાણમાં રોજગારીની તકો ઊભી થશે. ગ્લોબલ ઓફશોર ફંડ્સને આકર્ષવા માટે નિયમોને હળવા કરવામાં આવ્યા છે. જેનાથી ગિફ્ટ આઈ.એફ.એસ.સી. ખાતે આંતરરાષ્ટ્રીય ફંડોની સ્થાપનાની શરૂઆત થયેલ છે. ગુજરાત સરકાર દ્વારા શેર બ્રોકર્સને ગિફ્ટ સિટીમાં થતાં નાણાકીય વ્યવહારો પર સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુક્તિ આપવામાં આવેલ હોવાથી બ્રોકર્સના રજિસ્ટ્રેશનની સંખ્યામાં નવા રોજગાર સાથે અવિરત વધારો થઈ રહેલ છે. એરક્રાફ્ટ લીઝીંગનો ખૂબ મોટો વ્યવસાય આંતરરાષ્ટ્રીય કક્ષાએ કાર્યરત છે. આ વ્યવસાયને આકર્ષવા માટે ગુજરાત સરકાર દ્વારા ગિફ્ટ સિટીમાંથી કાર્યરત થતા એરક્રાફ્ટ લીઝીંગ બિઝનેસને સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુક્તિ આપવામાં આવેલ છે, જેના કારણે આ ક્ષેત્રમાં પણ મોટાપાયે વિદેશી મૂડીરોકાણ અને રોજગારીની તકો ઊભી થશે. ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીની ગિફ્ટ સિટી કંપનીમાં મૂડીરોકાણ માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ.

## શ્રમિક કલ્યાણ અને રોજગાર

### શ્રમ અને રોજગાર વિભાગ માટે કુલ રૂ. ૧૫૦૨ કરોડની જોગવાઇ

રાજયના ઔદ્યોગિક વિકાસની કરોડરજ્જુ સમાન કારીગરો અને શ્રમયોગીઓ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમે અમલમાં મૂકી છે. હવે શ્રમિકોને તેમના કામકાજના સ્થળની નજીકમાં જ રહેઠાણ પ્રાપ્ત થાય તે માટે કારખાનાની નજીક આવાસ ઉપલબ્ધ કરાવવા અમે મુખ્યમંત્રી ઔદ્યોગિક શ્રમયોગી અને ઈન્ડસ્ટ્રીયલ હાઉસીંગ આવાસ(મસીહા) યોજના અમલમાં મૂકી રહ્યા છીએ. આ યોજના હેઠળ પીપીપી ધોરણે રાહત દરના શ્રમિક આવાસોનું નિર્માણ કરવામાં આવશે.

- રાજયની આઈ.ટી.આઈ.ઓનું તબક્કાવાર અપગ્રેડેશન કરી તાલીમાર્થીઓની રોજગાર ક્ષમતામાં વધારો કરવો જરૂરી છે, જેથી ૨૨૫ આઈ.ટી.આઈ.માં દોઢ લાખ તાલીમાર્થીઓ માટે ઉદ્યોગ ગૃહોની મદદથી હાઈ-એન્ડ તાલીમ સુવિધા અને નવા ઊભરતા વ્યવસાયો માટે વિશ્વકક્ષાની સંલગ્ન તાલીમ વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.
- મુખ્યમંત્રી અપ્રેન્ટિસ યોજના હેઠળ એક લાખ અપ્રેન્ટિસોને સહાય આપવા માટે રૂ. ૫૩ કરોડની જોગવાઈ.
- સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે તાલીમાર્થીઓને વ્યવસાયલક્ષી અને ગુણવત્તાયુક્ત પ્રાયોગિક તાલીમ આપવા માટે જરૂરી ટૂલ્સ અને ઈક્વિપમેન્ટ, ફર્નિચર પૂરાં પાડવાની યોજના હેઠળ રૂ. ૪૦ કરોડની જોગવાઈ.
- રાજયની વિવિધ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓનું સ્ટ્રેન્ધનીંગ જેમકે ખૂટતા વર્કશોપ અને થીયરી રૂમનું બાંધકામ, સ્ટાફ ક્વાર્ટર્સ, હોસ્ટેલ તથા ૪ નવી આઈ.ટી.આઈ.ના બાંધકામ માટે રૂ. ૩૫ કરોડની જોગવાઈ.
- રાજયમાં લાંબા સમયથી કાર્યરત કૌશલ્યવર્ધન કેન્દ્રોના રીફોર્મીંગ કરવા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ
- ઔદ્યોગિક શ્રમયોગીઓને બેટરી સંચાલિત દ્વિચક્રી વાહનની ખરીદી કરવા નાણાકીય સહાય આપવા સારુ ગો-ગ્રીન શ્રમિક યોજના માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ.
- ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતે સર્વિસ સેકટર માટે આંતરરાષ્ટ્રીય કક્ષાનું એક્સલન્સ સેન્ટર શરૂ કરવા માટે રૂ. ૧ કરોડની જોગવાઈ.
- રાજયના ઔદ્યોગિક વિકાસની સાથે સાથે સર્વિસ સેકટરનો પણ વિકાસ જરૂરી છે, જેના દ્વારા પણ લાખોની સંખ્યામાં રોજગારીની તકો ઉપલબ્ધ થાય છે. સર્વિસ સેકટરમાં વધુ રોજગારી ઉપલબ્ધ થાય તે માટે યુવાનોને ઉચ્ચ કક્ષાની તાલીમ અને શિક્ષણ આપવા

દેશની સર્વપ્રથમ સર્વિસ સેક્ટર યુનિવર્સિટીનું નિર્માણ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

## માર્ગ અને મકાન

**માર્ગ અને મકાન વિભાગ માટે કુલ રૂ. ૧૧,૧૮૫ કરોડની જોગવાઈ**

મને જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાત રાજ્યની અંદર તમામ ગામોને પાકા ડામર રસ્તાથી જોડવાનું કામ આપણે ઘણા સમય પહેલાં પૂર્ણ કરેલ છે. સમગ્ર રાજ્યમાં એક લાખ ચોવીસ હજાર કિલોમીટર પ્લાન અને નોનપ્લાન રસ્તાઓનું સુઆયોજિત નેટવર્ક વિસ્તરેલ છે. રાજ્યમાં ખેડૂતો માટે ઉપયોગી બધા જ માર્કેટયાર્ડ પાકા રસ્તાઓથી જોડાઈ ગયેલ છે, જેના કારણે ગામેથી નીકળેલા ખેડૂતો તેમનું કૃષિ ઉત્પાદન સરળતાથી અને ઝડપથી માર્કેટયાર્ડમાં પહોંચાડી શકે છે. તેવી જ રીતે રાજ્યના મોટાભાગના ઔદ્યોગિક વિસ્તારોને પણ વિશાળ રસ્તાઓના નેટવર્કથી આવરી લેવામાં આવેલ છે. ગામથી તાલુકા મથક અને તાલુકા મથકોથી બધા જ જિલ્લા મથકો સુધી રસ્તાઓનું નેટવર્ક ગૂંથાયેલું છે. રાજ્યના તમામ મહત્ત્વનાં યાત્રાધામો, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, બસ સ્ટેશનો, રેલ્વે સ્ટેશનો વગેરે સ્થાનો સુધી પણ પાકા ડામરના રસ્તાઓનું સિંગલ લેનથી માંડી ફોરલેન સુધીનું નેટવર્ક પૂર્ણ થયેલ છે. જ્યાં મોટા પ્રમાણમાં ટ્રાફિક છે ત્યાં નદી ઉપરના પુલો અને રેલ્વે ઓવરબ્રિજનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. આ માળખાકીય સુવિધાઓની કામગીરીને આગળ ધપાવવા નીચે પ્રમાણેનાં આયોજનો હાથ ધરેલ છે.

- સાત વર્ષ કે તેથી વધુ સમય સુધી રીકારપેટ ન થયા હોય તેવાં ૪૯૪૯ કામોના ૧૬,૮૫૭ કિલોમીટર લંબાઈના રસ્તાઓના રીસરફેસીંગ માટેનાં કામો રૂ. ૪૫૦૬ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે.

છેલ્લાં પાંચ વર્ષમાં ૨૯ રેલ્વે ઓવર બ્રિજ રૂ. ૮૭૩ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. ડી.એફ.સી.સી. રૂટ સહિત રેલ્વે ક્રોસિંગ ઉપર ૭૫ ઓવર બ્રિજનાં કામો પ્રગતિ હેઠળ છે. રૂ. ૩૪૦૦ કરોડના ખર્ચે નવા ૬૮ રેલ્વે ઓવરબ્રિજ મંજૂર કરવામાં આવેલ છે.

- અમદાવાદ-બગોદરા-રાજકોટના ૨૦૧ કિલોમીટર રસ્તાને રૂ. ૨૮૯૩ કરોડના ખર્ચે છ માર્ગીય કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓને અમદાવાદ અને ગાંધીનગર સાથે જોડતા રાજકોટથી અમદાવાદ રસ્તાનું રૂ. ૨૬૨૦ કરોડના ખર્ચે છ-માર્ગીયકરણનું કામ પ્રગતિ હેઠળ છે.

સરખેજથી અમદાવાદ શહેરમાં પસાર થતો ગાંધીનગરથી ચિલોડા સુધીના એસ.જી.હાઈવેને રૂ. ૮૬૭ કરોડના ખર્ચે છ-માર્ગીય બનાવવાનું કામ ભારત સરકારના સહયોગથી પ્રગતિ હેઠળ છે. આ રોડ પૈકીના અમદાવાદ શહેરમાં ખૂબ જ ભારે ટ્રાફિક ધરાવતા સિંધુભવન જંકશન અને સરખેજ-સાણંદ રસ્તા ઉપરના ઓવરબ્રિજનું તથા ગાંધીનગરના પ્રવેશદ્વાર ઉવારસદ ફ્લાય ઓવરનું લોકાર્પણ પણ કરી દેવામાં આવેલ છે.

- મહાનગરો, બંદરો, ઔદ્યોગિક વિસ્તાર, પ્રવાસન તથા યાત્રાધામોને જોડતા ૭૬૨ કિલોમીટરના ૪૨ રસ્તાઓના અનુભાગોને ફોર-લેન બનાવવાની કામગીરી રૂ. ૨૪૬૬ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.
- ૧૧૬ રસ્તાના અનુભાગોની ૧૯૫૧ કિલોમીટર લંબાઈને ૧૦ મીટર કે ૭ મીટર પહોળા કરવાની કામગીરી રૂ. ૨૩૩૧ કરોડના ખર્ચે પ્રગતિમાં છે.
- વિશ્વ બેન્ક સહાયિત યોજના અંતર્ગત રાજ્ય ધોરીમાર્ગોને પહોળા, મજબૂત તથા નવીનીકરણની કામગીરી રૂ. ૧૯૩૫ કરોડના ખર્ચે પ્રગતિમાં છે.

મને જણાવતાં આનંદ થાય છે કે, ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાની કામગીરી પણ શરૂ થનાર છે, જેમાં રાજ્યના ૩૦૧૫ કિલોમીટરના ગ્રામ્ય માર્ગોને સાડાપાંચ મીટર સુધી પહોળા કરવા રૂ. ૧૭૪૯ કરોડની અંદાજિત કિમતનાં કામોનું આયોજન છે.

- અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનની કામગીરી પ્રગતિમાં છે. હાઈસ્પીડ કોરીડોરના આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારના શેરફાળા પેટે રૂ. ૧૫૦૦ કરોડની જોગવાઈ.
- વાર્ષિક રૂપિયા એક લાખ કરોડનું ટર્નઓવર ધરાવતા અને સમગ્ર વિશ્વમાં સિરામિક ઉદ્યોગમાં નામના મેળવનાર મોરબી ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા મોરબી-હળવદ અને જેતપર-મોરબી-અણિયાળી-પાટીલા - રાજ્ય ધોરીમાર્ગોની કુલ ૭૦ કિલોમીટર લંબાઈને ચાર માર્ગીકરણ કરવા માટે રૂ. ૩૦૯ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે.
- અમદાવાદ-મહેસાણા ચાર માર્ગીય રસ્તાને છ માર્ગીય કરવાની કામગીરી માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ.
- ખૂબ જ લોકપ્રિય એવી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે રૂ. ૨૦૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. તે અંતર્ગત નોનપ્લાન રસ્તાઓના બાંધકામ અને સુધારણા માટે રૂ. ૯૩૬ કરોડ અને અન્ય જિલ્લા



માર્ગો, મુખ્ય જિલ્લા માર્ગો અને યૂ-રૂટને પહોળા કરવાની કામગીરી માટે રૂ. ૨૪૪ કરોડની જોગવાઈ.

- વિધાનસભાની સદસ્ય નિવાસ સમિતિની ભલામણ અનુસાર ગાંધીનગર ખાતે નવું સદસ્ય નિવાસ સંકુલ બનાવવામાં આવશે.

ગાંધીનગર-કોબા-હાંસોલ રોડ (એરપોર્ટ રોડ) પર રાજસ્થાન સર્કલ પર રૂ. ૧૩૬ કરોડના ખર્ચે એક્સ્ટ્રા ડોઝ કેબલ સ્ટેડ બ્રિજ તેમજ રક્ષા શક્તિ સર્કલ પર રૂ. ૫૦ કરોડના ખર્ચે ફ્લાય ઓવરબ્રિજ બનાવવાનું આયોજન કરેલ છે.

- ગાંધીનગર ખાતે આવેલ ટાઉનહોલનું રૂ. ૧૬ કરોડના ખર્ચે આધુનિકીકરણ કરવામાં આવશે.

## બંદરો અને વાહન-વ્યવહાર

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે કુલ રૂ. ૧૪૭૮ કરોડની જોગવાઈ**

જાહેર જનતાને જરૂરી સુવિધાઓ ઝડપી અને પારદર્શક રીતે મળતી રહે તે માટે અમારી સરકાર હંમેશા કાર્યરત છે. મોટર વ્હિકલ કાયદાની અનેકવિધ સુવિધાઓ હવે નાગરિકોને ઓનલાઈન ઉપલબ્ધ કરી આપવામાં આવે છે, જેમાં, આરટીઓ કચેરીની મુલાકાત લીધા સિવાય નવાં વાહનોની નોંધણી, એન.ઓ.સી., પસંદગીના નંબર, ટેમ્પરરી પરમિટ, સ્પેશિયલ પરમિટ, રીન્યુઅલ ડ્રાઈવિંગ લાયસન્સ, ડુપ્લીકેટ ડ્રાઈવિંગ લાયસન્સ, લાયસન્સ સંબંધિત માહિતી, ડ્રાઈવિંગ લાયસન્સનું રીપ્લેસમેન્ટ, વાહનનું બોજામુક્તિ પ્રમાણપત્ર, ડુપ્લીકેટ આર.સી.બૂક વગેરે સેવાઓ ઓનલાઈન આપવામાં આવે છે.


- જનતાની સેવા માટે ૮૦૦ ડિલક્ષ પ્રકારની અને ૨૦૦ સ્લીપર કોચ મળી ૧૦૦૦ નવી બસો કાર્યરત કરવામાં આવશે. લાંબા અંતરની મુસાફરી માટે આરામદાયક ૫૦૦ વોલ્વો બસ પીપીપી ધોરણે શરૂ કરવામાં આવશે, જે માટે રૂ. ૨૭૦ કરોડની જોગવાઈ.
- વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે અને ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા માટે એસ.ટી. દ્વારા પ્રથમ વખત ૫૦ ઈલેક્ટ્રિક બસો સંચાલનમાં મૂકવાનું આયોજન છે. તદ્‌ઉપરાંત, ઈકો ફ્રેન્ડલી ૫૦ સી.એન.જી. વાહનો પણ સંચાલનમાં મૂકવામાં આવશે, જેના માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ.
- રાજકોટ શહેરમાં માધાપર ચોકડી ખાતે પીપીપી ધોરણે અત્યાધુનિક સુવિધાઓ સાથેનું નવું બસ સ્ટેશન તથા રાજ્યમાં અન્ય ૬ નવા બસ સ્ટેશનનું બાંધકામ અને હયાત જૂના ૯ બસ સ્ટેશનોનું રિનોવેશન કરવામાં આવશે, જે માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ.
- દેશનાં નાનાં બંદરો દ્વારા થતા માલવહનનો ૭૦ ટકા હિસ્સો ગુજરાતનાં નાનાં બંદરો ધરાવે છે. ગુજરાત રાજ્યના દરિયાઈ વેપારને વધુ બંદરોની સુવિધાઓ ઉપલબ્ધ કરવાના હેતુથી પીપીપી ધોરણે આશરે રૂ. ૪૮૦૦ કરોડના રોકાણ સાથે નારગોલ અને ભાવનગર બંદરોનો વિકાસ કરવામાં આવશે.
- દહેજ ખાતે કેમિકલ પોર્ટ ટર્મિનલના વિસ્તૃતીકરણ માટે રૂ. ૧૨૦૦ કરોડના ખર્ચે બીજી જેટ્ટી વિકસાવવાનું આયોજન કરેલ છે.
- નવલખી બંદર ખાતે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી રૂ. ૧૯૨ કરોડના ખર્ચે નવી જેટી બનાવવાનું આયોજન.
- સચાણા શીપ બ્રેકીંગ યાર્ડ ખાતે શીપ બ્રેકિંગ પ્રવૃત્તિ પુનઃ ચાલુ કરવા માટે આશરે રૂ. ૨૫ કરોડના ખર્ચે આંતર માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવશે.
- ગુજરાતમાં મેરીટાઈમ ટ્રાફિકમાં અનેકગણો વધારો થયેલ છે. મેરીટાઈમ ક્ષેત્રે હવે આંતરરાષ્ટ્રીય સેવાઓ જેમ કે મેડીએશન અને આર્બિટ્રેશન, શીપ લીઝીંગ અને લીગલ સર્વિસીસ વિકસાવવાની જરૂરિયાત છે, જે માટે ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી દ્વારા ગિફ્ટ સિટી ખાતે ઈન્ટરનેશનલ મેડીએશન અને આર્બિટ્રેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.

## ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ

**ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ માટે કુલ રૂ. ૧૩,૦૩૪ કરોડની જોગવાઈ**

માથાદીઠ ઊર્જા વપરાશમાં ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ ક્રમે છે. દેશના બિનપરંપરાગત ઊર્જા ઉત્પાદનમાં ગુજરાત ૧૨ ટકા જેટલું મોટું યોગદાન આપે છે. તાજેતરમાં વિશ્વના સૌથી મોટા ૩૦,૦૦૦ મેગાવોટના પુનઃપ્રાપ્ય ઉર્જા પાર્કનો શિલાન્યાસ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે કચ્છ જિલ્લામાં થયેલ છે, જે સાથે ગુજરાત દેશનું રિન્યુએબલ એનર્જી કેપિટલ બનવા આગળ વધી રહ્યું છે.

દેશમાં એલએનજી કેપિટલ તરીકે ઓળખ મેળવી આપણા રાજ્યએ પેટ્રોકેમિકલ્સ ક્ષેત્રે પણ અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. પાઈપ નેચરલ ગેસ નેટવર્કમાં રાજ્યનો દરેક જિલ્લો આવરી લેવામાં આવેલ છે. બાવીસ લાખ ઓગણીસ હજાર ઘરો સુધી પાઈપલાઈન નેચરલ ગેસ કનેકશન આપી પીએનજી જોડાણમાં દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. નેશનલ

ગેસગ્રીડ હેઠળ જીએસપીએલ દ્વારા હાથ ધરાયેલ ૧,૯૦૦ કિલોમીટરની મહેસાણા-ભટીંડા અને ભટીંડા જમ્મુ ગેસ પાઈપલાઇનના રૂ. ૭૩૦૦ કરોડના પ્રોજેક્ટની કામગીરી અંતિમ તબક્કામાં છે.

- ખેડૂતોને સિંચાઈનું પાણી ઓછા ખર્ચે મળે તે માટે અમારી સરકાર છેલ્લાં ૨૫ વર્ષથી દર વર્ષે ખૂબ મોટા પ્રમાણમાં ખેડૂતોને વીજ બિલમાં સબસીડી આપી રહી છે. આ માટે રૂ. ૮૪૧૧ કરોડની જોગવાઈ.
- રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોને જ્યારે રાત્રે વીજ સપ્લાય મળતો હોય ત્યારે રાત્રિના ઉજાગરા સાથે સિંહ, દીપડા જેવાં પ્રાણીઓ તેમજ સાપ, વીંછી જેવા જીવજંતુઓનું પણ જોખમ રહે છે અને તેઓને જીવના જોખમે રાત્રે સિંચાઈ કરવી પડે છે. ખેડૂતોને આ મોટી હાડમારીમાંથી મુક્ત કરવા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની અમારી સરકાર દ્વારા ખેડૂતોના જીવનમાં પરિવર્તન સમાન ખેડૂતોને રાત્રિના બદલે દિવસે વીજળી પૂરી પાડવાની કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકવામાં આવી છે. જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, રાજકોટ, મોરબી, પોરબંદર, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, પાટણ, મહેસાણા, કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, પંચમહાલ જેવા મોટાભાગના જિલ્લામાં તેની અમલવારી પણ શરૂ થઈ ચૂકી છે. આ યોજનાની કામગીરી આગળ ધપાવવા માટે રૂ. ૧૦૦૦ કરોડની જોગવાઈ.
- તમામ ગ્રામ પંચાયતોનાં વોટર વર્ક્સ માટે વિના મૂલ્ય વીજળી પૂરી પાડવા રૂ. ૭૩૪ કરોડની જોગવાઈ.
- નવા કૃષિ વિષયક વીજજોડાણો આપવા માટે રૂ. ૪૦૦ કરોડની જોગવાઈ.
- જેટકોનાં સબસ્ટેશનોની નજીકમાં આવતી સરકારી પડતર જમીનમાં ૨,૫૦૦ મેગાવોટ સૌરક્ષમતાના પ્રોજેક્ટ માટે રૂ. ૬૦૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ, અનુસૂચિત જાતિના અને ઓછી આવક ધરાવતા પરિવારોને ઘરવપરાશનું વીજજોડાણ આપવા રૂ. ૨૫ કરોડની જોગવાઈ.

## ક્લાઇમેટ ચેન્જ

**ક્લાઈમેટ ચેન્જ વિભાગ માટે કુલ રૂ. ૯૧૦ કરોડની જોગવાઈ**

ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ મોટા પ્રમાણમાં આગળ વધ્યો છે. લાખો વાહનો રાજ્યમાં ઉપયોગમાં લેવામાં આવે છે ત્યારે પર્યાવરણને શુદ્ધ રાખવું તે પણ અગત્યનું અને જરૂરી છે. સ્વચ્છ ઊર્જાના ભાગરૂપે રાજ્યમાં સૌરઊર્જા આધારિત ૪૦૪૨ મેગાવોટ અને પવનઊર્જા આધારિત ૮૧૮૦ મેગાવોટ ઊર્જાક્ષમતા કાર્યરત કરવામાં આવેલ છે. આ પ્રવૃત્તિને વેગ આપવા રાજ્ય સરકાર દ્વારા નવી સૌર ઊર્જા નીતિ તાજેતરમાં જાહેર કરેલ છે. પર્યાવરણલક્ષી અભિગમ રાખી જુદા જુદા વિભાગ હેઠળ વિવિધ કામો માટે રૂ. ૫૦૦૦ કરોડની જોગવાઈ આ અંદાજપત્રમાં કરવામાં આવી છે. આ જોગવાઈ હેઠળનાં કામોથી રાજ્યના પર્યાવરણને ઘણો ફાયદો થશે.

- સોલર રૂફટોપ સ્થાપિત કરવામાં દેશમાં ગુજરાત પ્રથમ નંબરે છે. લોકપ્રિય સૂર્ય ગુજરાત યોજના અંતર્ગત એક લાખ સત્યોતેર હજાર બસ્સો છાસઠ ઘરોમાં ૬૬૨ મેગાવોટની સોલર ઊર્જા ઉત્પાદન ક્ષમતા ઊભી કરવામાં આવેલ છે. વધુ ૯૦૦ મેગાવોટ સોલર ઊર્જા ઉત્પાદનના લક્ષ્યાંક સાથે ૩ લાખ ઘરોને સહાય આપવા માટે રૂ. ૮૦૦ કરોડની જોગવાઈ.
- સરકારી કચેરીઓની છત પર અંદાજે ૭ મેગાવોટ ક્ષમતાના સોલર રૂફટોપ સિસ્ટમ માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ.
- પેટ્રોલ-ડીઝલ તથા સી.એન.જી.થી ચાલતી રિક્ષાઓના બદલે ઈલેક્ટ્રિક બેટરીથી ચાલતી ઈ-રિક્ષાનો વપરાશ વધે તો પર્યાવરણ સુધારામાં ફાયદો થશે. તેથી ઈ-રિક્ષાનો વપરાશ વધારવાના ઉદ્દેશથી એક ઈ-રિક્ષા દીઠ રૂ. ૪૮,૦૦૦ ની સબસિડી માટે રૂ. ૨૬ કરોડની જોગવાઈ. તેમજ ઈલેક્ટ્રિક બેટરીથી ચાલતા ટુ-વ્હિલર માટે વાહન દીઠ રૂ. ૧૨૦૦૦ની સબસીડી આપવા માટે રૂ. ૧૩ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં આવેલ ગૌ-શાળા, પાંજરાપોળ ખાતે બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટે ૭૫ ટકા લેખે સહાય આપવા માટે રૂ. ૬ કરોડની જોગવાઈ.
- લાકડાની બચત અને કાર્બન ઉત્સર્જન ઘટાડવાના હેતુથી ગ્રામ પંચાયત દીઠ માત્ર ૧૦૦૦ રૂપિયાના લાભાર્થી ફાળે રાજ્યની ૧૨૦૦ ગ્રામ પંચાયતોને સુધારેલી સ્મશાન ભઠ્ઠી સ્થાપવા માટે રૂ. ૬ કરોડની જોગવાઈ.
- રાજ્યની સરકારી શાળાઓમાં ૧૭,૫૦૦ એલ.ઈ.ડી. ટ્યૂબલાઈટ અને ૧૮,૫૦૦ સ્ટાર રેટેડ પંખાઓ નાખવામાં આવશે. જે માટે રૂ. ૪ કરોડની જોગવાઈ.
- રાજ્યની સરકારી યુનિવર્સિટીમાં ક્લાઈમેટ ચેન્જ



વિષયનું સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવામાં આવશે.

## ઉદ્યોગ અને ખાણ

**ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે કુલ રૂ. ૬૫૯૯ કરોડની જોગવાઈ**

**અડીખમ છીએ, ને છીએ મક્કમ અમે**
**પ્રજાનો છે સાથ અમને ગુજરાતને નવી ઊંચાઈએ લઈ જવાના અમે...**
**આત્મનિર્ભર ભારત બનાવવા સંકલ્પબદ્ધ છીએ અમે સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસથી આગળ વધી જવાના અમે...**


ઉદ્યોગ સાહસિકતા ગુજરાતનો સ્વભાવ છે અને તેને અનુરૂપ વાતાવરણ ઊભું કરવાનું કામ અમારી સરકાર છેલ્લાં ૨૫ વર્ષથી કરતી આવી છે. આજે ગુજરાત રાજ્ય ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન બન્યું છે. ગુજરાતની વણથંભી વિકાસયાત્રાને વધુ વેગવાન બનાવવા અમારી સરકારે નવી ઔદ્યોગિક નીતિ જાહેર કરેલ છે. વધુ રોજગારી નિર્માણના લક્ષ્ય સાથે સ્ટેટ-ઓફ-ધી-આર્ટ ટેકનોલોજી અને ઈનોવેશનને જોડી નવી ઔદ્યોગિક નીતિ દ્વારા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત કટિબદ્ધ છે.

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસને સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવાના હેતુથી અમારી સરકારે ઉદાર વહીવટી સુધારા કરી ૩૦૦ થી વધુ કાયદાકીય પદ્ધતિઓમાં સરળીકરણ કરેલ છે ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસની દિશામાં આવી સકારાત્મક કામગીરી કરનાર આપણું રાજ્ય દેશમાં પ્રથમ સ્થાને છે. તદ્‌ઉપરાંત ઉદ્યોગધંધાઓને જુદા જુદા પ્રકારનાં જે ફોર્મ ભરવા પડતાં હતાં તેમાંથી ઘણાં ફોર્મ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી રહેલ છે. માળખાકીય ક્ષેત્રને વિકસાવવા મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરવામાં આવી રહેલ છે, જે અંતર્ગત રાજ્યમાં હાલ કેન્દ્ર અને રાજ્ય સરકારના ૧ લાખ ૯૦ હજાર કરોડના ૩૧૪ માળખાકીય પ્રકલ્પો પ્રગતિમાં છે.

- ટેક્સટાઈલ પોલિસી અંતર્ગત આવતા ઉદ્યોગોને સહાય માટે રૂ. ૧૫૦૦ કરોડની જોગવાઈ.
- નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત લઘુ, નાના અને મધ્યમ કદના (એમએસએમઈ) એકમોની વિવિધ પ્રોત્સાહન યોજનાઓ માટે રૂ. ૧૫૦૦ કરોડની જોગવાઈ.
- વિપુલ પ્રમાણમાં રોજગારી ઊભી કરવાની ક્ષમતા ધરાવતા મોટા કદના ઉદ્યોગોને પસંદ કરેલા સેક્ટરમાં સહાય આપવા માટે રૂ. ૯૬૨ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા સ્વરોજગારીની તકો ઊભી કરવાની વિવિધ યોજનાઓ માટે કુલ રૂ. ૫૭૮ કરોડની જોગવાઈ.

ભારત સરકારની યોજના હેઠળ ગુજરાતમાં બે મેગા ટેક્ષટાઈલ પાર્ક સ્થાપવાનું આયોજન છે.

- મેડિકલ અને ફાર્મા સેક્ટરમાં ગુજરાત રાજ્યનું આગવું સ્થાન છે. આ સેક્ટરને વધુ મજબૂત કરવા ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં બલ્ક ડ્રગ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અને રાજકોટ ખાતે મેડિકલ ડીવાઈસ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવાનું આયોજન છે.
- માનવ કલ્યાણ યોજના અન્વયે નાના પ્રકારના ધંધા રોજગાર કરતા આર્થિક રીતે નબળા વર્ગના લોકોને સહાયભૂત થવા તેમના ધંધાને અનુરૂપ સાધન-ઓજાર સ્વરૂપે સહાય તરીકે ૨૭ ટ્રેડ માટે ૩૪,૦૦૦ લાભાર્થીઓને લાભ આપવાની યોજના અંતર્ગત રૂ. ૪૮ કરોડની જોગવાઈ.
- સ્ટાર્ટઅપ-ઈનોવેશન યોજના-૨૦૨૦ અંતર્ગત પ્રતિ સ્ટાર્ટ-અપને પ્રતિ માસ રૂ. ૨૦,૦૦૦ અને મહિલા ઈનોવેટર હોવાના કિસ્સામાં વધુ ૨૫ ટકા અલાઉન્સ આપવા માટે આર એન્ડ ડી યોજના સહિત રૂ. ૨૦ કરોડની જોગવાઈ
- આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં ગુજરાતના લઘુ અને નાના ઉદ્યોગોને મદદરૂપ થવા માટે જરૂરી ક્વોલિટી કંટ્રોલ અને લેબ ટેસ્ટીંગ ફેસિલિટીની કોમન સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી મિની કલસ્ટર યોજના માટે રૂ. ૧૪ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં ખાણકામ પ્રવૃત્તિ માટે આવશ્યક એનવાયર્નમેન્ટ ક્લીયરન્સ પ્રમાણપત્ર મેળવવામાં નાના લીઝ હોલ્ડરોને અનુભવાતી મુશ્કેલીઓ ધ્યાને લઈ આ પ્રક્રિયા સંયુક્ત રીતે કલસ્ટર સ્તરે કરી આપવાની સગવડ ઊભી કરવા માટે રૂ. ૫ કરોડની જોગવાઈ
- રાજ્યના જુદા જુદા વિસ્તારમાં ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન આપી સ્થાનિક રોજગાર્‌ નિર્માણ થાય તે હેતુથી બનાસકાંઠા જિલ્લામાં જલોત્રા, જામનગર જિલ્લામાં શેખપાટ, ગાંધીનગર જિલ્લામાં કડજોદ્રા, અમરેલી જિલ્લામાં પીપાવાવ અને રાજકોટ જિલ્લામાં નાગલપર ખાતે તેમજ પાટણ, આણંદ, મહીસાગર અને મોરબી જિલ્લામાં જી.આઈ.ડી.સી. દ્વારા નવી ઔદ્યોગિક વસાહતો સ્થાપવાનું આયોજન છે.
- દહેજ, સાયખા, અંકલેશ્વર, હાલોલ, સાણંદ, વાપી



અને લોધિકાની ઔદ્યોગિક વસાહતોને સંપૂર્ણ સુવિધા સાથે મોડેલ એસ્ટેટ તરીકે વિકસાવવામાં આવશે.

- હંસપુરા-નરોડા, ઉમરગામ, સરીગામ, વાપી, સચિન, પાનોલી, અંકલેશ્વર, ઝઘડિયા અને સાવલી ખાતે એમએસએમઈ માટે વિકસિત ઔદ્યોગિક વસાહતોમાં મલ્ટી લેવલ શેડનું આયોજન કરેલ છે.

### પ્રવાસન

ઓછી મૂડી-વધુ રોજગાર એ પ્રવાસન ક્ષેત્રની વિશેષતા છે. આ બાબત ધ્યાને રાખી રાજ્યની પ્રવાસન વિવિધતાઓના સાતત્યપૂર્ણ વિકાસ દ્વારા સ્થાનિક રોજગારને તક આપવા રાજ્ય સરકારે નવી પ્રવાસન નીતિ જાહેર કરેલ છે. ગુજરાતનાં પ્રવાસન સ્થળોને માત્ર દેશમાં જ નહીં પરંતુ, દુનિયામાં પણ ખ્યાતિ મળે તે રીતે આંતરરાષ્ટ્રીય કક્ષાના માપદંડો સાથે વિકસાવી ગુજરાત ગ્લોબલ ચોઈસ ફોર ટૂરિઝમ બને તે દિશામાં કામગીરી શરૂ કરાઈ છે. પ્રવાસનના વિકાસની હરણફાળને વેગવંતી બનાવવા રૂ. ૪૮૮ કરોડની જોગવાઈ.

- ગુજરાતમાં આવનાર પ્રવાસીઓને ગુણવત્તાસભર આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે રૂ. ૩૧૫ કરોડની જોગવાઈ.
- વડનગર ખાતે આવેલ વિવિધ હેરીટેજ સ્ટ્રકચર, પુરાતત્ત્વીય સ્થળ, જુદાં જુદાં તળાવો, વિવિધ મંદિરો તેમજ અન્ય પ્રવાસી સુવિધાઓ માટે માસ્ટર પ્લાન બનાવી વિકાસ કામગીરી કરવામાં આવશે.
- બુદ્ધ સરકીટનાં સ્થાનો જેવા કે દેવની મોરી, ખંભાલીડા, શાણા, સિયોટ, વાલ્મિકીપુર વગેરે સ્થળો ખાતે પ્રવાસન સુવિધાઓ વિકસાવવામાં આવશે.
- મહર્ષિ દયાનંદ સરસ્વતીના જન્મસ્થળ ટંકારા ખાતે પ્રવાસન સુવિધાઓ વિકસાવવામાં આવશે.
- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મસ્થળ પોરબંદર ખાતે દેશવિદેશના પ્રવાસી આવતા હોવાથી કીર્તિમંદિર, બરડા હિલ વન્યજીવ અભયારણ્ય, પોરબંદર પક્ષી અભયારણ્ય, પોરબંદર બીચ, જાંબુવન ગુફા, સ્વામી વિવેકાનંદ મેમોરિયલ વગેરે સ્થળોને વધુ વિકસાવવામાં આવશે.
- રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી વર્ષ નિમિતે તેઓ સાથે સંકળાયેલાં વિવિધ સ્મૃતિસ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે.
- હેરિટેજ સ્થળો તથા જુદાં જુદાં સ્મારકોના થ્રી-ડી પ્રોજેક્શન મેપિંગ સાથેનો લાઈટ અને સાઉન્ડ શો માટે રૂ. ૩ કરોડની જોગવાઈ.
- બેટ-દ્વારકા, સિયાળ સવાઈ બેટ, સૂર્યનગરી મોઢેરા અને સાપુતારા ખાતે વધુ પ્રવાસન સુવિધાઓ વિકસાવવામાં આવશે.

### સ્ટેચ્યુ ઓફ યુનિટી

દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટરની પ્રતિમાને ખૂબ જ ટૂંકા ગાળામાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાના સ્વરૂપે ગ્લોબલ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન તરીકે નામના મળી છે. વિશ્વનાં સૌથી પ્રસિદ્ધ ૧૦૦ પ્રવાસન સ્થળોમાં સ્ટેચ્ય ઓફ યુનિટીનો સમાવેશ વર્લ્ડ ફેમસ ટાઈમ મેગેઝીન દ્વારા કરવામાં આવેલ છે. શાંઘાઈ કો ઓપરેશન ઓર્ગેનાઈઝેશન દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીને વિશ્વની ૮મી અજાયબીનો દરજ્જો આપવામાં આવેલ છે.

આવા વિશ્વપ્રસિદ્ધ પ્રવાસન સ્થળનો આયોજનબદ્ધ વિકાસ થાય તે માટે સરકારે સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટૂરિઝમ ગવર્નન્સ ઓથોરિટીની રચના કરી છે. કેવડિયાના સંકલિત વિકાસમાં જંગલ સફારી, આરોગ્ય વન, એકતા ક્રૂઝ, રિવર રાફટીંગ નેવિગેશન ચેનલ, ગરુડેશ્વર વીયર, હાઈ-લેવલ ગોરા બ્રિજ, બે બસ ટર્મિનસ, ૫૦ હોમ-સ્ટે, એકતા મોલ, ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક, મીરર મેઝ, કેકટસ ગાર્ડન, એકતા નર્સરી અને ખલવાણી ઈકો-ટૂરિઝમની યોજનાઓનો સમાવેશ થાય છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી એરીયા ડેવલપમેન્ટ માટે રૂ. ૬૫૨ કરોડની જોગવાઈની હું જાહેરાત કરું છું.

### યાત્રાધામ

રાજ્યમાં આવેલા ધાર્મિક, ઐતિહાસિક અને પૌરાણિક મહત્ત્વ ધરાવતાં યાત્રાધામોના સર્વાંગી વિકાસ અને યાત્રાળુઓને પ્રાથમિક સુવિધા આપવા માટેના વિવિધ કામો હાથ ધરવા રૂ. ૧૫૪ કરોડની જોગવાઈ.

- પાવાગઢ-માંચીના સર્વગ્રાહી વિકાસ માટે રૂ. ૩૧ કરોડના પ્રોજેકટનું આયોજન.
- નારાયણ સરોવર-કચ્છના વિકાસ માટે આગામી વર્ષોમાં રૂ. ૩૦ કરોડના પ્રોજેક્ટનું આયોજન.
- શ્રી માતાનો મઢ-કચ્છના વિકાસનો માસ્ટર પ્લાન બનાવી આગામી વર્ષોમાં રૂ. ૨૫ કરોડના પ્રોજેક્ટનું આયોજન.
- પ્રસિદ્ધ યાત્રાધામ બહુચરાજીના વિકાસ માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ.



- કંથારપુર વડ, જિલ્લો ગાંધીનગરના વિકાસ માટે રૂ. ૧૦ કરોડનું આયોજન.

**નાગરિક ઉડ્ડયન**

- રાજ્યમાં હેલિકોપ્ટર સેવાનો વધતો જતો વ્યાપ ધ્યાને લઈ કાયમી ધોરણે હેલિપોર્ટ વિકસાવવામાં આવશે. જે અંતર્ગત અમદાવાદ, સોમનાથ, અંબાજી, દ્વારકા, સાપુતારા અને ગીર ખાતે હેલિપોર્ટ વિકસાવવા માટે રૂ. ૩ કરોડની જોગવાઈ.

## વન અને પર્યાવરણ

**વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ રૂ. ૧૮૧૪ કરોડની જોગવાઈ**


- રાજ્યમાં આવેલ વનોના વિકાસ અને સંવર્ધન હેતુસર રૂ. ૨૮૬ કરોડની જોગવાઈ.
- વનવિસ્તાર સિવાયના વિસ્તારોમાં સામાજિક વનીકરણને વેગવંતુ બનાવવા માટે રૂ. ૨૧૯ કરોડની જોગવાઈ.
- યુઝર એજન્સી પાસેથી મળેલ રકમમાંથી વળતર વનીકરણ અને વનવિકાસની કામગીરીઓ માટે કેમ્પા ફંડ અંતર્ગત રૂ. ૧૮૨ કરોડની જોગવાઈ.
- વન્યપ્રાણીની વ્યવસ્થા અને વિકાસ માટે રૂ. ૧૭૬ કરોડની જોગવાઈ.
- ઘાસ અને વાંસના વિકાસના સૂત્ર સાથે કચ્છ ઘાસચારા સ્વાવલંબન યોજના અંતર્ગત ૨,૪૪૦ હેક્ટર ઘાસિયા મેદાનોને પુનઃજીવિત કરી ઘાસ ઉત્પાદન ક્ષમતા વધારવા અને ઘાસ ગોડાઉન બાંધકામ માટે રૂ. ૧૭ કરોડની જોગવાઈ.
- કમલમ્ (ડ્રેગન ફ્રૂટ)ના બે લાખ રોપા નર્સરીમાં ઉછેર કરી કેવડિયાની આજુબાજુ ૫૦ કિલોમીટરની ત્રિજ્યામાં કમલમ્‌નું વાવેતર તથા જાળવણી માટે રૂ. ૧૫ કરોડની જોગવાઈ.
- રાજ્યના દરિયાકાંઠે આવેલ ચેરનાં જંગલોનો વિકાસ, ઘાસનાં મેદાનો, જળપ્લાવિત વિસ્તારો અને જંગલોની પુનઃ સ્થાપના કરવા ૨૧ જિલ્લાઓમાં કુલ ૯ વર્ષના સમયગાળા માટે રૂ. ૧૦૭૨ કરોડની જાપાન ઈન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી (નાયકા) સહાયિત યોજનાના પ્રથમ વર્ષ માટે રૂ. ૧૫ કરોડની જોગવાઈ.
- રોજગારીની તકો ઊભી કરવા અને વાંસની ઉપલબ્ધતા વધારવાના હેતુથી પૂર્વપટ્ટીના ૧૪ જિલ્લાઓનાં વનોમાં વાંસઝુંડની વૈજ્ઞાનિક ઢબે માવજત કરી ઉત્પાદકતા વધારવા તેમજ આજીવિકાપૂર્તિ માટે કૌશલ્યવર્ધન કેન્દ્રોની સ્થાપના માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ.
- એશિયાઈ સિંહોના એકમાત્ર નિવાસસ્થાન ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય તથા બૃહદ્ ગીર વિસ્તારના જિલ્લાઓ જેવા કે, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લાના મહેસૂલી, વીડી વિસ્તારમાં સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે ભારત સરકાર દ્વારા અમલમાં આવનાર લાયન પ્રોજેક્ટના પ્રથમ વર્ષ માટે રૂ. ૧૧ કરોડની જોગવાઈ.
- ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય તથા બૃહદ ગીર વિસ્તારમાં આવતા સિંહોને ખોરાક વધારવા હેતુ પ્રે-બેઝ તૈયાર કરવા સાંભર બ્રીડીંગ સેન્ટર બનાવવાની કામગીરી માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં સ્થાપિત ૨૦ સાંસ્કૃતિક વનોના નવીનીકરણ અને આધુનિકીકરણ માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ.
- અમરેલી અને જાંબુઘોડા વિસ્તારમાં દીપડાઓથી થતું નુકસાન અટકાવવા માટે દીપડાનું મેગા રેસ્કયુ સેન્ટર બનાવવા રૂ. ૭ કરોડની જોગવાઈ.
- વહેલ-શાર્ક ટૂરિઝમ સાથે સાગરખેડુભાઈઓને તેમજ અન્ય સ્થાનિક લોકોને રોજગારી આપવાની નવતર યોજનાનું આયોજન કરેલ છે.

## કાયદો અને વ્યવસ્થા

**ગૃહવિભાગ માટે કુલ રૂ. ૭૯૬૦ કરોડની જોગવાઈ**

આપણા રાજ્યની સામાજિક અને આર્થિક ઉન્નતિમાં સુદૃઢ કાયદો અને વ્યવસ્થાનો અગત્યનો ફાળો છે. રાજ્ય પોલીસ તંત્રને અત્યાધુનિક ટેકનોલોજીસભર શસ્ત્ર-સરંજામ અને સાધન-સામગ્રીથી સુસજ્જ બનાવી આપણા રાજ્યમાં અંબાજીથી ઉમરગામ સુધી અને દ્વારકાથી દાહોદ સુધી સર્વત્ર સુરક્ષાનું આત્મવિશ્વાસભર્યું વાતાવરણ નિર્માણ કરવામાં સરકાર સફળ થઈ છે. વિશાળ દરિયાઈ સીમાઓને પણ આપણે મજબૂત બનાવી છે. મહિલા સલામતી અને નબળા વર્ગોનું સંરક્ષણ અમારી સરકારની પ્રાથમિકતા છે. સાયબર ક્રાઈમ અને આર્થિક ગુનાઓ જેવી નવીન સમસ્યાઓનો આધુનિક ટેકનોલોજીની મદદથી ઝડપી નિકાલ કરવા સરકાર કૃતસંકલ્પ છે.

મહિલાઓ અને બાળકો પર થતા જાતીય ગુનાઓ, સાયબર ક્રાઈમ, વ્યાજખોરો, બેંકિંગ ફ્રોડ, જુગારનો અડ્ડો ચલાવનાર, બુટલેગરો, પ્રોપર્ટી ગ્રેબર, ડ્રગ્સ માફિયા,

અનૈતિક વ્યાપાર કરનાર ગુનેગાર, જાતીય સતામણી, ગૌ-હત્યા અને ચેઈન સ્નેચિંગ જેવા ગુનાઓને અસરકારક રીતે નિયંત્રણમાં લાવી પ્રજાહિતના સંરક્ષણ માટે અમારી સરકારે પાસાના કાયદામાં ઐતિહાસિક અને શકવર્તી સુધારો કર્યો છે.

- ગૃહવિભાગમાં વિવિધ સંવર્ગની કુલ ૩૦૨૦ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે, જેમાં લાંચરુશવત વિરોધી બ્યુરો ખાતે ૧૯૯ નવી જગ્યાઓ, એન્ટી હ્યુમન ટ્રાફીકિંગ યુનિટ માટે ૧૪૭ નવી જગ્યાઓ, રાજકોટ પોલીસ કમિશનરેટની ટ્રાફિક શાખા માટે ૧૮૪ નવી જગ્યાઓ તથા સાયબર સુરક્ષાના આશ્વસ્ત પ્રોજેક્ટ માટે ૧૧૨ નવી જગ્યાઓ, રાજયમાં ૧૨ નવાં પોલીસ સ્ટેશનો માટે ૬૫૩ જગ્યાઓ તેમજ સુરત શહેર માટે વિવિધ સંવર્ગની ૭૩૬ જગ્યાઓ જે પૈકી સુરત શહેરમાં ૪ નવાં પોલીસ સ્ટેશન માટેની ૩૦૦ નવી જગ્યાઓનો સમાવેશ થાય છે.
- વિશ્વાસ પ્રોજેકટ હેઠળ ૪૧ શહેરોમાં ૬,૦૦૦ થી વધુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલા છે. વધુ શહેરોમાં વધુ સ્થળો પર નવા સીસીટીવી કેમેરા લગાવવા માટે રૂ.૯૦ કરોડ અને ઈ-ગુજકોપ પ્રોજેકટ માટે રૂ. ૩૬ કરોડની જોગવાઈ.
- પોલીસ તંત્રની પેટ્રોલીંગની વ્યવસ્થાને સઘન બનાવવા વધુ નવાં ૮૭૬ વાહનો ખરીદવામાં આવશે. જે માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ.
- રાજયમાં 'કન્વીકશન રેટ' વધારવા માટે કન્વીકશન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેકટ' હેઠળ રૂ. ૨૮ કરોડની જોગવાઈ
- રાજય હસ્તકના એરપોર્ટ, એરોડ્રોમ, વોટરડ્રોમ અને હેલીપેડને સુરક્ષા પૂરી પાડવા રાજય અનામત પોલીસ દળ હેઠળ નવી વિશેષ બટાલિયનની રચના કરવામાં આવશે.
- રાજયના સરહદી વિસ્તાર વિકાસ માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ.
- પોલીસ આધુનિકીકરણ યોજના હેઠળ રૂ. ૨૬ કરોડની જોગવાઈ.
- ખલાલ ખાતે નિર્માણાધીન કમાન્ડો તાલીમ સેન્ટર માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ.
- દેશવિદેશમાં બનતા ગુન્હાઓ સંદર્ભમાં પુરાવાની સચોટ અને વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવા માટે રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીએ દુનિયાભરમાં નામના મેળવેલ છે. એફ.એસ.એલ.ના આધુનિકીકરણ માટે રૂ. ૧૪ કરોડની જોગવાઈ.
- ભારત નેટ પ્રોજેક્ટ હેઠળ આઉટ પોસ્ટ અને પોલીસ ચોકીઓને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પૂરી પાડવા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ.
- ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ હેઠળ નવી ૧૦૦ પીસીઆર વેન ખરીદવા રૂ. ૧૦ કરોડની જોગવાઈ.

## અન્ન અને નાગરિક પુરવઠો

**અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ માટે કુલ રૂ. ૧૨૨૪ કરોડની જોગવાઈ નાગરિક પુરવઠો**

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ઉમદા વિચારોથી આકાર પામેલી વન નેશન વન રેશનકાર્ડ યોજનાની કામગીરી ગુજરાત રાજયમાં પૂર્ણ કરી છે. હવે રાજયમાં ગમે ત્યાં રેશનકાર્ડ નોંધાયેલ હોય તો પણ રેશનકાર્ડ ધારકને રાજયની અન્ય કોઈ પણ વાજબી ભાવની દુકાનમાંથી અનાજ મળી શકે છે. દેશના અન્ય રાજયોમાં રેશનકાર્ડ ધરાવતા પરપ્રાંતીય નાગરિકોને પણ રાજયની કોઈપણ વાજબી ભાવની દુકાનમાંથી અનાજ મળી શકે છે.

- રાજય સરકાર દ્વારા જન્માષ્ટમી અને દિવાળીના તહેવાર નિમિત્તે અંત્યોદય અને બીપીએલ કાર્ડ ધરાવતા ૩૫ લાખ કુટુંબોને જ અત્યારે કુટુંબ દીઠ એક એક લિટર કપાસિયા તેલ રાહત દરે આપવામાં આવે છે. મને જણાવતાં આનંદ થાય છે કે, હવે આ યોજનાનો વ્યાપ વધારી રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળનાં કુટુંબોને આવરી લઈ તમામ ૭૧ લાખ કુટુંબોને જન્માષ્ટમી અને દિવાળી નિમિત્તે રાહત દરે એક-એક લિટર કપાસિયા તેલ આપવામાં આવશે. તે માટે રૂ. ૭૦ કરોડની જોગવાઈ.

રાજયના ગેસ સિલિન્ડર વિહોણા અંદાજિત ત્રણ લાખ બાર હજાર લાભાર્થીઓને ગ્રીન અને ક્લીન ક્યુઅલ સ્વરૂપે કેરોસીનની જગ્યાએ પીએનજી અથવા એલપીજી ગેસ કનેકશન આપવા રૂ. ૫૦ કરોડની જોગવાઈ.

## મહેસૂલ વિભાગ

**મહેસૂલ વિભાગ માટે કુલ રૂ. ૪૫૪૮ કરોડની જોગવાઇ**

છેલ્લા બે દાયકામાં ગુજરાતના સર્વાંગી વિકાસના કારણે રાજયમાં આર્થિક, સામાજિક, વ્યાપારી અને ખેતીવાડી પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો થયો છે. સાથોસાથ આ બધી પ્રવૃત્તિઓ માટે જરૂરી માળખું ઊભું કરવા જમીનની માંગમાં પણ ઉત્તરોત્તર નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. આવી



પરિસ્થિતિમાં જમીનધારકોને ભૂ-માફિયાઓથી રક્ષણ આપવા માટે અમારી ખેડૂતલક્ષી સરકારે જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિઓને અટકાવવા અને તેની સાથે સંકળાયેલી બાબતો ઉપર પ્રતિબંધ મૂકવાના ઉદ્દેશથી ગુજરાત રાજ્ય જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦ અમલમાં મૂકેલ છે.

- રાજ્યના ૧૬ જિલ્લાઓમાં મહેસૂલ વિભાગ હેઠળની વિવિધ કચેરીઓ તથા સ્ટાફ ક્વાર્ટર્સનાં મકાનોના બાંધકામ માટે કુલ રૂ. ૩૯ કરોડની જોગવાઈ.
- ખેતીની જમીનની માપણી આધુનિક પદ્ધતિથી સચોટપણે થાય તે માટે વધુ ૧૩૧ નવા ડી.જી.પી.એસ. મશીનો વસાવવા રૂ. ૩૩ કરોડની જોગવાઈ.
- રાજ્યની સબ-રજિસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજોની નોંધણી માટે આવતા પક્ષકારોને મૂળભૂત અને આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ૨૬ સબ-રજિસ્ટ્રાર કચેરીઓને મોડેલ કચેરી બનાવવા માટે રૂ. ૮ કરોડની જોગવાઈ.
- પૂર-અછતની રાહત સંદર્ભે જે તે વિસ્તારને સહાય માટેની પ્રાથમિકતા આપી શકાય તે હેતુથી રેઈન ગેજ સ્ટેશનોની સંખ્યા વધારવા માટે કુલ રૂ. ૫ કરોડની જોગવાઈ.

મહેસૂલી સેવાઓ ઈ-ગર્વનન્સ તથા અદ્યતન ટેકનોલોજી થકી વધુ સરળ, ઝડપી અને પારદર્શક બને તે માટે મહત્ત્વની ભૂમિકા ભજવતા આઈ-ઓરા (i-ORA) પોર્ટલને સુદૃઢ કરવા અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા અને રાજકોટ જિલ્લામાં મહેકમ ઊભું કરવા માટે રૂ. ૨ કરોડની જોગવાઈ.

## વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી


**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે કુલ રૂ. ૫૬૩ કરોડની જોગવાઈ**

- નાગરિકોને જિલ્લા અને તાલુકા કક્ષાએ પ્રાપ્ત થતી નાગરિકલક્ષી સેવાઓ પોતાના ગામમાં જ મળી રહે એ હેતુથી માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ છે. આ નવતર કાર્યક્રમ થકી ૫૫ જેટલી વિવિધ સેવાઓનો લાભ ૯,૧૧૨ ગામડાંઓમાં ત્રીસ લાખથી વધારે લોકોને આપવામાં આવેલ છે. આ વ્યવસ્થાને સુદૃઢ બનાવવા માટે રૂ. ૧૬ કરોડની જોગવાઈ.
- ભારતનેટ પ્રોજેક્ટ હેઠળ ફેઈઝ-વનમાં અત્યાર સુધી રાજ્યની ૬૪૬૦ ગ્રામપંચાયતોને હાઈ બેન્ડવીથ પૂરી પાડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. ફેઈઝ-ટુ માં વધુ ૭૫૨૨ ગ્રામ પંચાયતોને કનેક્ટિવિટી પૂરી પાડવા માટે રૂ. ૧૫૪ કરોડની જોગવાઈ.
- સાયન્સ સિટી ખાતે ફેઝ-૧ પ્રોજેક્ટ અંતર્ગત આઈમેક્સ થિયેટર, મ્યુઝિકલ ફાઉન્ટેન અને કેફેટેરિયાના નવીનીકરણ માટે તથા ફેઝ-૨ પ્રોજેક્ટ હેઠળ એક્વેટિક અને રોબોટિક્સ ગેલેરી તથા એસ્ટ્રોનોમી અને સ્પેસ સાયન્સ ગેલેરીનાં બાંધકામ માટે રૂ. ૮૦ કરોડની જોગવાઈ.
- રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી ઓન-લાઈન સેવા સંદર્ભે ડેટા રીકવરી સેન્ટરની સ્થાપના માટે રૂ. ૬૫ કરોડની જોગવાઈ.
- બાયોટેકનોલોજી ક્ષેત્રે ચાલતા સંશોધનથી ઉદ્યોગ, પર્યાવરણ, મરીન અને જીનોમ જેવાં ક્ષેત્રોને લાભ મળે તે હેતુથી સ્ટેટ ઓફ ધ આર્ટ બાયોસેફ્ટી-લેવલ ૩ની લેબની સ્થાપના માટે રૂ. ૨ કરોડની જોગવાઈ.
- સાબરકાંઠા જિલ્લાના સલાલ ગામમાંથી પસાર થતા કર્કવૃત્તના ભૌગોલિક મહત્ત્વ વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી આ સ્થળે સાયન્સ પાર્ક વિકસાવવામાં આવશે.

## રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

**રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે કુલ રૂ. ૫૦૭ કરોડની જોગવાઈ**

- ગ્રામ્યકક્ષાએ યુવાનો ખેલપ્રવૃત્તિઓમાં ભાગ લેતા થાય તે હેતુથી ૬,૦૦૦ ગામડાંઓમાં પ્રવૃત્તિઓ બાસ્કેટ બોલ, વોલીબોલ, ખો-ખો, કબડ્ડી, ફુટબોલ, એથ્લેટિકસ રમતો માટે મેદાન તૈયાર કરવા રૂ. ૩૦ કરોડની જોગવાઈ.
- ખેલકૂદ ક્ષેત્રે ઊભરતી પ્રતિભાઓને શિક્ષણ સાથે ખેલકૂદની સઘન તાલીમ મળી રહે તે હેતુથી જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કૂલ માટે રૂ. ૨૭ કરોડની જોગવાઈ.
- સરદાર વલ્લભભાઈ પટેલની પ્રેરણાથી પોત-પોતાના રજવાડાને ભારત દેશમાં વિલીન કરનાર રાજવીઓનો ઐતિહાસિક વારસો દર્શાવતા અત્યાધુનિક સંગ્રહાલયનું સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા ખાતે નિર્માણ કરવા માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ.
- શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરિયલ, માંડવી-કચ્છના આધુનિકીકરણ માટે રૂ. ૧૫ કરોડની જોગવાઈ.
- વડનગર ખાતે એથ્લેટિક ટ્રેક અને સ્પોર્ટસ હોસ્ટેલ બનાવવા રૂ. ૧૩ કરોડની જોગવાઈ.
- વડોદરા મ્યુઝિયમ એન્ડ પિક્સર ગેલેરી ખાતે લાઈટ



એન્ડ સાઉન્ડ શોની સુવિધા વિકસાવવા રૂ. ૫ કરોડની જોગવાઈ.

- જિલ્લા કક્ષાના ગ્રંથાલયોને અપગ્રેડ કરી સ્માર્ટ લાઈબ્રેરી બનાવવા માટે રૂ. ૫ કરોડની જોગવાઈ.
- સાયન્સ સિટી, અમદાવાદ ખાતે બાળકો માટે આકર્ષણરૂપ ટોય મ્યુઝિયમ બનાવવામાં આવશે.
- વિધાનસભા પરિસરમાં ગુજરાતનો ઈતિહાસ દર્શાવતું અત્યાધુનિક સંગ્રહાલય વિકસિત કરવામાં આવશે.

## માહિતી અને પ્રસારણ

**માહિતી અને પ્રસારણ વિભાગ માટે કુલ રૂ. ૧૬૮ કરોડની જોગવાઈ**

સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા વિશ્વભરમાં પ્રસિદ્ધિ પામેલ કેવડિયા ખાતે આદિવાસી સંસ્કૃતિ, કલા, લોકસાહિત્ય, ખાનપાન અને આદિવાસીઓ માટેની કલ્યાણ યોજનાઓના પ્રચાર-પ્રસારને વધુ વેગવંતો બનાવવા રાજ્યમાં પ્રથમ વખત સરકારની સહાયથી કોમ્યુનિટી રેડિયો સ્ટેશનની સ્થાપના કરવામાં આવશે.

## કાયદો

**કાયદા વિભાગ માટે કુલ રૂ. ૧૬૯૮ કરોડની જોગવાઈ**

- નાગરિકોને ઝડપી અને સરળતાથી ન્યાય મળી રહે તે માટે કોર્ટનાં નવાં મકાનોના બાંધકામ અને અદ્યતન સુવિધા વિકસાવવા રૂ. ૩૫૬ કરોડની જોગવાઈ.

## સામાન્ય વહીવટ

**સામાન્ય વહીવટ વિભાગ માટે કુલ રૂ. ૧૭૩૦ કરોડની જોગવાઈ**

- ધારાસભ્યશ્રીઓને તેમના મતવિસ્તાર દીઠ અપાતી રૂપિયા દોઢ કરોડની વાર્ષિક ગ્રાન્ટની ફાળવણી કોરોના મહામારી દરમ્યાન કરકસરના ભાગરૂપે મોકૂફ રાખવામાં આવેલ. હવે મને જણાવતાં આનંદ થાય છે કે, રાજ્યની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થતાં ધારાસભ્યશ્રીઓની લાગણી અને માંગણી ધ્યાને લઈ રાજ્યના સર્વાંગી વિકાસ માટે વર્ષ ૨૦૨૧-૨૨થી ધારાસભ્યશ્રીઓને આ ગ્રાન્ટ ફાળવણી પુનઃ શરૂ કરવામાં આવશે.
- વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ, એ.ટી.વી.ટી. અને અન્ય યોજનાઓ હેઠળ સ્થાનિક જરૂરિયાતના વિકાસનાં કામો માટે રૂ. ૧૩૦૫ કરોડની જોગવાઈ.
- રાજ્યના જૂની સીરીઝના મતદાર ફોટો ઓળખકાર્ડ ધરાવતાં મતદારોને નવી સ્ટાન્ડર્ડ સીરીઝના મતદાર ફોટો ઓળખકાર્ડ આપવા માટે રૂ. ૧૧ કરોડની જોગવાઈ.


**માલિકી અને અન્ય વિભાગોનું વિવરણ ફોર્મ-૪ (જુઓ નિયમ-૮) વૃત્તપત્ર**
**કાયદા પ્રમાણે 'મનોગત' પાક્ષિક સંબંધી હકીકત**

(૧) પ્રકાશક : ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

(૨) પ્રકાશનની મુદત : પાક્ષિક

(૩) મુદ્રક - પ્રકાશક : ભારતીય જનતા પાર્ટી - ગુજરાત પ્રદેશ વતી શ્રી સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

(૪) તંત્રી : શ્રી સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : શ્રીલેખા ભવન, પાલડી ગામ, અમદાવાદ-૩૮૦ ૦૦૭

હું સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ આથી જાહેર કરું છું કે ઉપર દર્શાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

(સહી) સુરેન્દ્રભાઈ એમ. પટેલ
(મુદ્રક-પ્રકાશક)

## કેવડિયા ખાતે આયોજિત કમ્બાઇન્ડ કમાન્ડ કોન્ફરન્સમાં વિશેષ ઉપસ્થિત રહેલા માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય સંરક્ષણમંત્રી શ્રી રાજનાથસિંહજી











REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev



## આઝાદીના અમૃતમહોત્સવનો શુભારંભ

# સાબરમતી આશ્રમથી દાંડીયાત્રા







## આવો, રાષ્ટ્રીય ચેતના, રાષ્ટ્રભાવ અને સ્વતંત્રતાનો ઈતિહાસ ઉજાગર કરીએ

**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.